સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


WEEK 38

[12/09/21 to 18/09/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


The King of the King
કાયદો
LATEST EDITION
બંધારણ, IPC, CRPC, EVIDENCE
- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE



www.iceonline.in


સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**12 SEP-2021**

- ગુજરાતના મુખ્યમંત્રી પદેથી શ્રી વિજયભાઈ રૂપાણીનું રાજીનામું ........ 02
- યુદ્ધ ક્ષેત્રમાં રોબર્ટ : REX MK II ........ 04
- QUESTION ANSWERS ........ 05

**13 SEP-2021**

- તમિલનાડુ સરકાર શ્રી સુબ્રમણ્યમ ભારતીની પુણ્યતિથી 'મહાકવિ દિવસ' તરીકે ઉજવશે ........ 06
- ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નિમણૂક ........ 06
- રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ સ્ટેટ યુનિવર્સિટી ........ 16
- QUESTION ANSWERS ........ 17

**14 SEP-2021**

- દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ ........ 18
- ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ (CAFMD) ........ 18
- US Open ટેનિસ ટુર્નામેન્ટ 2021 ........ 19
- QUESTION ANSWERS ........ 22

**15 SEP-2021**

- દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર, (1) એન્જિનિયર દિવસ (2) આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (3) વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ ........ 23
- છત્તીસગઢે 'બાજરા મિશન' (Millet Mission) શરૂ કર્યું ........ 24
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ક્વાડ સમિટમાં ભાગ લેશે ........ 24
- શ્રીલંકાના ઝડપી બોલર શ્રી લસિથ મલિંગાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 25
- QUESTION ANSWERS ........ 26

**16 SEP-2021**

- દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ ........ 27
- સંસદ ટીવી (Sansad TV)નો પ્રારંભ ........ 27
- કેન્દ્ર સરકારે ઓટોમોબાઈલ, ઓટો-ઘટકો અને ડ્રોન ઉદ્યોગ માટે PLI યોજનાને મંજૂરી આપી ........ 28
- QUESTION ANSWERS ........ 30

**17 SEP-2021**

- દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ ........ 31
- વિશ્વનું પ્રથમ 'પાંચ દેશોનું બાયોસ્ફિયર રિઝર્વ' ........ 31
- SpaceX એ ઈતિહાસ રચ્યો : ચાર નાગરિકોને અંતરિક્ષમાં મોકલ્યા ........ 31
- AUKUS : ઈન્ડો-પેસિફિક માટે નવી સુરક્ષા ભાગીદારી ........ 32
- QUESTION ANSWERS ........ 33

**18 SEP-2021**

- દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (2) વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day) ........ 34
- 21મી SCO સમિટ ........ 34
- અર્થશોટ પુરસ્કાર, 2021 (Earthshot Prize 2021) ........ 35
- QUESTION ANSWERS ........ 37

**ONE LINER** ........ 38

**QUESTION OF THIS WEEK** ........ 43


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતના મુખ્યમંત્રી પદેથી શ્રી વિજયભાઈ રૂપાણીનું રાજીનામું

ગુજરાતના 16મા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું છે.

- તેમણે 7 ઓગસ્ટ, 2016થી 13 સપ્ટેમ્બર, 2021 સુધી ગુજરાતના 16મા મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે.

### શ્રી વિજયભાઈ રૂપાણી




- જન્મ : 2 ઓગસ્ટ, 1956 (રંગૂન, મ્યાનમાર)
- પૂરું નામ : શ્રી વિજયભાઈ રમણીકલાલ રૂપાણી
- રાજકીય પક્ષ : ભારતીય જનતા પાર્ટી
- શિક્ષણ : (1) ધર્મેન્દ્રસિંહજી આર્ટસ્ કોલેજ (રાજકોટ)માંથી BA
  (2) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી LLBનો અભ્યાસ
- મુખ્યમંત્રી પદનો કાર્યકાળ : 7 ઓગસ્ટ, 2016 થી 13 સપ્ટેમ્બર, 2021

### શ્રી વિજયભાઈ રૂપાણીની રાજકીય સફર

શ્રી વિજયભાઈ રૂપાણી શરૂઆતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને જનસંઘ સાથે જોડાયેલા હતા.

- તેઓ ભારતીય જનતા પાર્ટીની સ્થાપના સમયથી તેમના કાર્યકર્તા છે.
- વર્ષ 1976માં કટોકટી દરમિયાન તેમને 11 મહિનાની જેલ પણ થઈ હતી.
- વર્ષ 1978થી 1981 સુધી તેઓ રાષ્ટ્રીય સ્વયં સંઘના પ્રચારક પણ હતા.
- વર્ષ 1987મા પ્રથમવાર તેઓ રાજકોટ મહાનગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને જળ નિકાસ સમિતિના અધ્યક્ષ બન્યા હતા.
- આ ઉપરાંત તેઓ રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ પણ બન્યા હતા. આ પદ પર તેઓ વર્ષ 1988 થી 1996 સુધી રહ્યા હતા.



- વર્ષ 1996 થી 1997 સુધી રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના મેયર તરીકે સેવા આપી હતી.
- વર્ષ 2006માં તેઓ ગુજરાત પ્રવાસન અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા.
- ત્યારબાદ વર્ષ 2006 થી 2012 સુધી રાજ્યસભાના સભ્ય પણ રહ્યા હતા.
- નવેમ્બર, 2014માં સૌપ્રથમવાર રાજકોટ-69 બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને ગુજરાત સરકારમાં શ્રમ–રોજગાર, પાણી પુરવઠા અને પરિવહન મંત્રી બન્યા હતા. (રાજકોટ-69 અથવા રાજકોટ પશ્ચિમની વિધાનસભાની બેઠક પર શ્રી વિજયભાઈ રૂપાણી પહેલા શ્રી વજુભાઈ વાળા ધારાસભ્ય હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2016માં ગુજરાતના 15મા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું.
- ત્યારબાદ શ્રી વિજયભાઈ રૂપાણી 7 ઓગસ્ટ, 2016ના રોજ ગુજરાતના 16મા મુખ્યમંત્રી બન્યા હતા.
- 26 ડિસેમ્બર, 2017ના રોજ બીજી વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.

## મુખ્યમંત્રી દરમિયાન શ્રી વિજયભાઈ રૂપાણીના મહત્ત્વના કાર્યો

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા શાળા કક્ષાએ ઈન્ટરએક્ટિવ શિક્ષણની શરૂઆત થઈ.

- સૂર્યશક્તિ કિસાન યોજના દ્વારા ખેડૂતોને પાણી તથા વીજળીની સમસ્યામાંથી મૂક્તિ માટેનો નવતર અભિગમ શરૂ કરવામાં આવ્યો.
- ગુજરાતમાં 750થી વધુ કૌશલ્ય કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું.
- 'વ્હાલી દીકરી યોજના' શરૂ કરી આ અંતર્ગત દીકરીને પહેલા ધોરણમાં પ્રવેશ મળે તે માટે રૂ. 4000, નવમાં ધોરણમાં આવે ત્યારે 6000 તથા 18 વર્ષની વયે 1 લાખની સહાય અપાય છે.
- તેમના સમયમાં રાજપીપળામાં બીરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ કરાઈ.
- દરિયામાં કામ કરતા માછીમારો માટે પોરબંદર અને ઓખા ખાતે બોટ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવ્યો.
- ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં લેખન–ગણન તથા ઉપચારાત્મક વૃદ્ધિ માટે 'મિશન વિદ્યા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી.
- સુજલામ સુફલામ યોજના દ્વારા જળસંગ્રહનો નવતર પ્રયોગ તથા 'સૌની યોજના' અંતર્ગત સૌરાષ્ટ્ર તથા કચ્છ સુધી પાણી પહોંચાડવામાં મહત્ત્વનું કાર્ય કર્યુ.
- તેમના સમયમાં બાયોમાસ એનર્જીની પોલીસી તૈયાર કરી અમલમાં મુકવાવાળુ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- વરિષ્ઠ નાગરિકો માટે શ્રવણ તીર્થ દર્શન યોજના અમલી બનાવી.
- રિન્યુએબલ એનર્જી જનરેશન પાર્ક સ્થાપવાની નવી નીતિ બનાવાઈ.
- આ ઉપરાંત 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના, કૃષિ યાંત્રિકીકરણ યોજના, નમો ઈ–ટેબ યોજના વગેરે યોજનાની શરૂઆત કરી.
- તેમના સમયમાં ગુજરાતના ખેડૂતોને દિવસના સમય દરમિયાન વિજળી મળે તે માટે 'કિસાન સૂર્યોદય યોજના'ની શરૂઆત કરવામાં આવી.
- તેમના સમયમાં વિદ્યાર્થીઓને હોટેલ મેનેજમેન્ટમાં કારકિર્દી બનાવવા SIHM (ધ સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ)ની સ્થાપના કરવામાં આવી હતી.
- આ ઉપરાંત તેમના સમયમાં મુંગા પશુ–પક્ષીઓની માવજત કરવા કરૂણા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- તેમના સમયમાં ભૂમાફિયાથી સામાન્ય પ્રજા બચી શકે તે માટે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ 2020 ઘડવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત તેમણે ગુજરાતની જનતા સાથે સીધો સંવાદ થઈ શકે તે માટે 'મુખ્યમંત્રી સાથે મોકળા મને' કાર્યક્રમની શરૂઆત કરી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુદ્ધ ક્ષેત્રમાં રોબર્ટ : REX MK II

તાજેતરમાં ‘<u>ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ</u>’ (IAI)એ રિમોટ કન્ટ્રોલ આધારિત **<u>'REX MK II'</u>**નું અનાવરણ કર્યુ છે.

- આ રોબર્ટ યુદ્ધના મેદાનમાં પેટ્રોલિંગ, ઘુસણખોરોને ટ્રેક કરવા, હુમલો કરવા અને ગોળીબાર કરવા સક્ષમ છે.
- યુદ્ધ ક્ષેત્રના આ રોબર્ટના ઉપયોગની સાથે તેમા નૈતિક મૂઝવણો પણ ઉભી થઈ છે.
- સમર્થકોનું કહેવું છે કે આવા અર્ધ–સવાયત્ત મશીનો સેનાઓને તેમના સૈનિકોની સુરક્ષા કરવાની મંજૂરી આપશે.
- જ્યારે વિવેકચોને ડર છે કે તે જીવન અથવા મૃત્યુના નિર્ણય લેનારા રોબર્ટ્સ તરફનું ખતરનાક પગલું છે.

### REX MK II વિશે

આ રોબર્ટ થલ સેના માટે ગુપ્ત માહિતી એકત્ર કરી શકે છે.

- આ ઉપરાંત ઘાયલ સૈનિકો અને યુદ્ધ ક્ષેત્રની અંદર અને બહાર સંરક્ષણ સામગ્રીનો પૂરવઠો લઈ શકે છે અને નજીકના લક્ષ્યો પર હુમલો કરી શકે છે.
- <u>ઈઝરાયલ</u>ની સેના હાલમાં ગાઝા પટ્ટીની સરહદ પર પેટ્રોલિંગ કરવા માટે <u>જગુઆર</u> નામના વાહનનો ઉપયોગ કરી રહ્યું છે.
- યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન અને રશિયા સહિત અન્ય સૈન્ય દ્વારા માનવરહિત સ્થળીય વાહનોનો વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે.
- તેમના કાર્યોમાં <u>લોજિસ્ટિક સપોર્ટ, માઈન ક્લોઝર</u> અને <u>હથિયાર ફાયરિંગ</u>નો સમાવેશ થાય છે.

### યુદ્ધક્ષેત્રમાં રોબર્ટના ફાયદા અને ગેરફાયદા

રોબોટિક સૈનિકોના ઉપયોગથી યુદ્ધના ખર્ચમાં ઘટાડો થશે. પરંતુ તેના કારણે ભવિષ્યમાં યુદ્ધોની શક્યતા વધી જશે.

- રોબોટિક સેન્સરની વિશાળ શ્રેણી માનવ સંવેદનાત્મક ક્ષમતાઓ કરતા યુદ્ધના મેદાનોનું નિરિક્ષણ કરવા માટે વધુ સારી રીતે સજ્જ છે.
- માનવ જીવનનું નુકસાન ઘટાડવું એ યુદ્ધ નીતિના મૂળભૂત સિદ્ધાંતોમાનું એક છે, જે રોબર્ટના ઉપયોગથી પૂર્ણ કરી શકાય છે.
- આવા હથિયારો ચિંતાજનક પણ છે કારણ કે લડાકુઓ અને નાગરિકો વચ્ચેના તફાવત પર અથવા નજીકોના નાગરિકોને હુમલાથી થતાં નુકસાન પર તેમના પર આધાર રાખી શકતો નથી.
- મશિનો માનવીય જીવનના મૂલ્યને સમજી શકતા નથી, જે માનવીય ગૌરવને હાની પહોંચાડે છે અને માનવ અધિકાર કાયદાઓનું ઉલ્લંઘન કરે છે.
- યુદ્ધ રોબર્ટના કારણે અત્યાચાર અને યુદ્ધના મૂળભૂત નિયમોનું ઉલ્લંઘન થવાની શક્યતા વધુ છે.
- અન્ય દેશોમાં ટેક્નોલોજીનો ફેલાવો અને આતંકવાદીઓ જેવા જોખમો નિયમિત રહેશે.
- રોબોટિક મશિનો પણ સાયબર એટેક અથવા હેકિંગ કરી શકે છે અને તેનો ઉપયોગ પોતાના લોકો સામે પણ થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું છે. તેઓ ગુજરાતના કેટલામા મુખ્યમંત્રી હતા ?

(A) 14મા (B) 15મા (C) 16મા (D) 17મા (C)

2. શ્રી વિજયભાઈ રૂપાણીનું જન્મ સ્થળ જણાવો ?

(A) બોમ્બે (B) રંગૂન (C) કાઠમંડુ (D) રાજકોટ (B)

3. શ્રી વિજયભાઈ રૂપાણી કયા વર્ષે પ્રથમવાર રાજકોટ મહાનગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયા હતા ?

(A) 1984 (B) 1987 (C) 1989 (D) 1991 (B)

4. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ મહાનગરપાલિકામાં મેયર તરીકે સેવા આપી હતી ?

(A) રાજકોટ (B) ગાંધીનગર (C) જૂનાગઢ (D) જામનગર (A)

5. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેઓ સૌપ્રથમવાર 7 ઓગસ્ટ, 2016ના રોજ ગુજરાતના 16મા મુખ્યમંત્રી બન્યા હતા.

(B) તેઓ ગુજરાત વિધાનસભાની રાજકોટ 69 (રાજકોટ પશ્ચિમ) પરથી ધારાસભ્ય છે.

(C) શ્રી વિજયભાઈ રૂપાણીનો રાજકીય પક્ષ ભારતીય જનતા પાર્ટી છે.

(D) ઉપરોક્ત તમામ (D)

6. તાજેતરમાં 'ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝે' (IAI)એ રિમોટ કન્ટ્રોલ આધારિત યુદ્ધક્ષેત્રમાં સક્ષમ એવા કયા રોબર્ટનું અનાવરણ કર્યુ છે ?

(A) VER KM II (B) NEE MK II (C) REX MK II (D) ISE MK I (C)

7. 'REX MK II' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિર્મિત એક યુદ્ધ ક્ષેત્રનો રોબર્ટ છે.
2. આ રોબર્ટ યુદ્ધના મેદાનમાં પેટ્રોલિંગ, ઘુસણખોરોને ટ્રેક કરવા, હુમલો કરવા અને ફાયરિંગ કરવા સક્ષમ છે.
3. આ રોબર્ટ થલસેના માટે ગુપ્ત માહિતી એકત્ર કરી શકે છે.
4. આ રોબર્ટે તાજેતરમાં ઈઝરાયલના એક અવકાશયાનમાં ઉડાન પણ ભરી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## તમિલનાડુ સરકાર શ્રી સુબ્રમણ્યમ ભારતીની પુણ્યતિથી 'મહાકવિ દિવસ' તરીકે ઉજવશે

સ્વાતંત્ર્ય સેનાની અને મહાન કવિ શ્રી સુબ્રમણ્યમ ભારતીની પુણ્યતિ થી નિમિત્તે તમિલનાડુ સરકારે 11 સપ્ટેમ્બરને 'મહાકવિ દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે.

- શ્રી સુબ્રમણ્યમ ભારતીની પુણ્યતિ થી 11 સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2021માં તેમની 100મી પુણ્યતિ થી હતી.



### શ્રી સુબ્રમણ્યમ ભારતી

મહાકવી શ્રી સુબ્રમણ્યમ ભારતીનો જન્મ 11 ડિસેમ્બર, 1882ના રોજ તમિલનાડુના ઈટ્ટાપુરમ ખાતે થયો હતો. જે હાલના તમિલનાડુના 'થુથુકુડી' જિલ્લામાં આવેલું છે.

- તેમણે પ્રરંભિક શિક્ષણ વારાણસીમાંથી મેળવ્યું હતું.
- તેમની તામિલ કવિતા અને ગદ્યમાં નવીન યોગદાનથી 20મી સદીમાં તમિલ સાહિત્યમાં પુનર્જીવન થયું હોવાનું માનવામાં આવે છે.
- તેઓ 'મહાકવિ ભારતી' તરીકે પ્રસિધ્ધ છે.
- તેમની અસંખ્ય રચનાઓમાં ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન દેશભક્તિને ઉજાગર કરતા જ્વલંત ગીતોનો સમાવેશ થાય છે.
- શ્રી સુબ્રમણ્યમ ભારતીને ત્રણ વિદેશી ભાષાઓ સહિત 14 ભાષાઓમાં નિપુણતા હોવાનું માનવામાં આવે છે.
- તેમના લખાણો માટે તેમને બ્રિટિશ સરકારની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો અને મોટા ભાગનો સમય દેશ નિકાલમાં વિતાવ્યો હતો.

નોંધ : (1) તેમની આ 100મી પુણ્યતિથી નિમિત્તે આગામી એક વર્ષ માટે તમિલનાડુ રાજ્યના ભારતીયર મેમોરિયલ હાઉસમાં સાપ્તાહિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

(2) તમિલનાડુ રાજ્ય સરકાર શાળા અને કોલેજના વિદ્યાથીઓ માટે રાજ્ય કક્ષાની કવિતા સ્પર્ધાનું પણ આયોજન કરશે અને એક લાખ રૂપિયાના ઈનામ સાથે 'ભારતીય યુવા કવિ પુરસ્કાર' આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નિમણૂક

ગુજરાતના 17મા મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલની નિમણૂક કરવામાં આવી છે.

- ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામિત શ્રી ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
- નોંધનીય છે કે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વર્ષ 2017માં પ્રથમ વખત જ વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા અને પ્રથમ ટર્મમાં જ તેઓ મુખ્યમંત્રી બન્યા.
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાત વિધાનસભાની ઘાટલોડિયા બેઠકના ધારાસભ્ય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



- પૂરું નામ : શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંતભાઈ પટેલ
- જન્મ : 15 જુલાઈ, 1962 (અમદાવાદ)
- શૈક્ષણિક લાયકાત : ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગ
- રાજકીય પક્ષનું નામ : ભારતીય જનતા પાર્ટી
- વિધાનસભા મત વિસ્તારનું નામ : ઘાટલોડિયા

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજકીય સફર

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા છે.

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મેમનગર નગરપાલિકા ચેરમેનથી તેમની રાજકીય સફર શરૂ કરી હતી.
- તેઓ 1995 થી 2000 સુધી મેમનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને પ્રમુખ રહી ચૂક્યા છે.
- તેઓ 2008 થી 2010 સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન હતા.
- વર્ષ 2010 થી 2015 સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સેવા આપી હતી.
- વર્ષ 2015 થી 2017 દરમિયાન તેઓ 'અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA)ના ચેરમેન તરીકે સેવા આપી હતી.
- વર્ષ 2017ની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ઘાટલોડિયા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં તેઓ 1,17,750 મતોની રેકોર્ડબ્રેક લીડથી જીત્યા હતા. (ઘાટલોડિયા મતવિસ્તાર અમદાવાદ જિલ્લાનો એક ભાગ છે.)
- પોતાના મત વિસ્તારમાં તેઓ દાદાના હુલામણા નામથી ઓળખાય છે.
- તાજેતરમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું ત્યારબાદ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગુજરાતના 17મા મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીશ્રીઓ

| ક્રમ | મુખ્યમંત્રીશ્રી | કાર્યકાળ | | |
|---|---|---|---|---|
| 1 | ડૉ. જીવરાજ મહેતા | 01-05-1960 | થી | 19-09-1963 |
| 2 | શ્રી બળવંતરાય મહેતા | 19-09-1963 | થી | 19-09-1965 |
| 3 | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ | 19-09-1965 | થી | 12-05-1971 |
| 4 | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા | 17-03-1972 | થી | 17-07-1973 |
| 5 | શ્રી ચીમનભાઈ પટેલ | 17-07-1973 | થી | 09-02-1974 |
| 6 | શ્રી બાબુભાઈ પટેલ | 18-06-1975 | થી | 12-03-1976 |
| 7 | શ્રી માધવસિંહ સોલંકી | 24-12-1976 | થી | 10-04-1977 |
| (6) | શ્રી બાબુભાઈ પટેલ | 11-04-1977 | થી | 17-02-1980 |
| (7) | શ્રી માધવસિંહ સોલંકી | 07-06-1980 | થી | 06-07-1985 |
| 8 | શ્રી અમરસિંહ ચૌધરી | 06-07-1985 | થી | 09-12-1989 |
| (7) | શ્રી માધવસિંહ સોલંકી | 10-12-1989 | થી | 03-03-1990 |
| (5) | શ્રી ચીમનભાઈ પટેલ | 04-03-1990 | થી | 17-02-1994 |
| 9 | શ્રી  છબીલદાસ મહેતા | 17-02-1994 | થી | 13-03-1995 |
| 10 | શ્રી કેશુભાઈ પટેલ | 14-03-1995 | થી | 21-10-1995 |
| 11 | શ્રી સુરેશ મહેતા | 21-10-1995 | થી | 19-09-1996 |
| 12 | શ્રી શંકરસિંહ વાઘેલા | 23-10-1996 | થી | 27-10-1997 |
| 13 | શ્રી દિલીપભાઈ પરીખ | 28-10-1997 | થી | 04-03-1998 |
| (10) | શ્રી કેશુભાઈ પટેલ | 04-03-1998 | થી | 06-10-2001 |
| 14 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 07-10-2001 | થી | 22-05-2014 |
| 15 | શ્રીમતી આનંદીબેન પટેલ | 22-05-2014 | થી | 07-08-2016 |
| 16 | શ્રી વિજયભાઈ રૂપાણી | 07-08-2016 | થી | 13-09-2021 |
| 17 | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ | 13-09-2021 | થી | કાર્યરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી કે 22મા મુખ્યમંત્રી

ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ 17 વ્યક્તિઓ મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા છે.

- જેમાં ડો. જીવરાજ મહેતા ગુજરાતના મુખ્યમંત્રી બનનાર પ્રથમ વ્યક્તિ હતા.
- ત્યારબાદ શ્રી બળવંતરાય મહેતા ગુજરાતના બીજા અને શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર ત્રીજા વ્યક્તિ હતા. જ્યારે શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી બનનાર 16મા વ્યક્તિ હતા.
- અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર 17મા વ્યક્તિ છે. આથી, ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી છે. 22મા નહિ, કેમ કે ગુજરાતમાં અત્યાર સુધી કુલ 17 વ્યક્તિઓ જ મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 17મો છે.
- પરીક્ષામાં આજ ક્રમ પૂછવામાં આવે છે.
- જોકે, કેટલાક સમાચાર પત્રો તથા મેગેઝિનોમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના 22મા મુખ્યમંત્રી તરીકે દર્શાવવામાં આવ્યા છે. કેમ કે, ગુજરાતમાં અત્યાર સુધી કુલ 22 વખત મુખ્યમંત્રી બદલાયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 22મો છે.
- ગુજરાતના કુલ 17 વ્યક્તિઓમાંથી શ્રી બાબુભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલ તથા શ્રી કેશુભાઈ પટેલ અલગ અલગ સમયે બે વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. જ્યારે શ્રી માધવસિંહ સોલંકી અલગ અલગ સમયે ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. એ રીતે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ 22 વખત મુખ્યમંત્રી બદલાયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 22મો છે.
- આ ટોપિકમાંથી પરીક્ષામાં બે રીતે પ્રશ્નો પૂછવામાં આવે છે :

(1) જો કોઈ વ્યક્તિ પ્રથમ વખત મુખ્યમંત્રી બની હોય તો મુખ્યમંત્રી તરીકે તેમનો ક્રમ પૂછવામાં આવે છે.

દા.ત : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી બન્યા છે ? (અહીં, કેટલામા મુખ્યમંત્રી શબ્દનો અર્થ એ થાય છે કે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર કેટલામાં વ્યક્તિ છે ?) – એ રીતે એમનો ક્રમ 17મો આવશે.

(2) જો કોઈ વ્યક્તિ એક કરતા વધારે વખત મુખ્યમંત્રી બની હોય તો તેઓ કેટલામી વખત મુખ્યમંત્રી બન્યા એવો પ્રશ્ન પૂછવામાં આવે છે :

દા.ત : શ્રીમતી મમતા બેનર્જી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે..... તેઓ પશ્ચિમ બંગાળના કેટલામી વખત મુખ્યમંત્રી બન્યા છે ? ..... અહીં જવાબ આવશે ત્રીજી વખત.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુજરાતનું નવું મંત્રીમંડળ

## મુખ્યમંત્રી

| | | |
|---|---|---|
| 1 | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (મુખ્યમંત્રી) | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહિતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવેલ ન હોય તેવી બાબતો |

## કેબિનેટ મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી રાજેન્દ્ર ત્રિવેદી | મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો |
| 2 | શ્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી | શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી |
| 3 | શ્રી રૂષિકેશભાઈ ગણેશભાઈ પટેલ | આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો |
| 4 | શ્રી પૂર્ણેશભાઈ મોદી | માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરીક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| 5 | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન |
| 6 | શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ |
| 7 | શ્રી કીરીટસિંહ જીતુભા રાણા | વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી |
| 8 | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા |
| 9 | શ્રી પ્રદિપસિંહ ખનાભાઈ પરમાર | સામાજીક ન્યાય અને અધિકારીતા |
| 10 | શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ | ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | |
|---|---|---|
| 1 | શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી | રમત–ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન |
| 2 | શ્રી જગદીશ વિશ્વકર્મા | કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી |
| 3 | શ્રી બ્રીજેશ મેરજા | શ્રમ, રોજગાર, પંચાયત (સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ |
| 4 | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો |
| 5 | શ્રીમતી મનીષાબેન વકીલ | મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારીતા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ |
| 2 | શ્રીમતી નિમિષાબેન સુથાર | આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ |
| 3 | શ્રી અરવિંદભાઈ રૈયાણી | વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| 4 | શ્રી કુબેરભાઈ ડીંડોર | ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો |
| 5 | શ્રી કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા | પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |

| | | |
|---|---|---|
| 6 | શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો |
| 7 | શ્રી આર.સી. મકવાણા | સામાજીક ન્યાય અને અધિકારીતા |
| 8 | શ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ |
| 9 | શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ | પશુપાલન અને ગૌ સંવર્ધન |

## મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ 164 (1)મા કરેલી જોગવાઈ અનુસાર મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે અને અન્ય મંત્રીઓની નિમણૂક રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહના આધારે કરે છે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યના કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે. પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતિ ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે કે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના અનુચ્છેદ 164 (4)માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાન પરિષદ) સભ્ય ન હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે. પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ મુખ્યમંત્રી પદ પર રહી નહિ શકે.

### શપથ (અનુચ્છેદ- 164 (3))

- ચૂંટણી બાદ કાર્યભર સંભાળતા મુખ્યમંત્રીએ રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.


### મુખ્યમંત્રીનો કાર્યકાળ

- મુખ્યમંત્રીનો કાર્યકાળ વિધાનસભાના કાર્યકાળ જેટલો હોય છે. વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષનો છે આથી મુખ્યમંત્રીનો કાર્યકાળ પણ વધુમાં વધુ 5 વર્ષનો હોઈ શકે.
- ટૂંકમાં મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી જ્યાં સુધી વિધાનસભા ગૃહમાં બહુમતી હોય ત્યા સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે પરંતુ જો વિધાનસભામાં બહુમતી પ્રાપ્ત ન થાય તો રાજ્યપાલ સમક્ષ રાજીનામું આપવું જરૂરી છે. જો મુખ્યમંત્રી રાજીનામુ આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વેતન અને ભથ્થા

- મુખ્યમંત્રીના વેતન ઉપરાંત અન્ય ભથ્થા રાજ્ય વિધાનમંડળ કાયદા દ્વારા સમય–સમય પર નક્કી કરે તે પ્રમાણે આપવામાં આવે છે.
- આવા વેતન અને ભથ્થા રાજ્યની સંચિત નિધિ પરનો ભારિત ખર્ચ છે.




## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :
  (a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.
  (b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં 6 વધુ મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

## શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

  નોંધ : રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

## ગુજરાતની રાજનીતિ વિશે પરીક્ષાલક્ષી કેટલાક મહત્વના પ્રશ્નો

- ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીનું નામ જણાવો. – ડૉ. જીવરાજ મહેતા
- ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી સૌપ્રથમ ક્યારે યોજાઈ હતી ? – 1962
- ગુજરાતના બીજા મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી બળવંતરાય મહેતા
- કયા મુખ્યમંત્રીના સમયમાં ધૂવારણ વીજ મથકનો પ્રારંભ થયો હતો ? – શ્રી બળવંતરાય મહેતા
- ગુજરાત રાજ્યના કયા મુખ્યમંત્રીશ્રીનું પાકિસ્તાન સરહદ નજીક વિમાન હુમલામાં અવસાન થયું હતું ? – શ્રી બળવંતરાય મહેતા
- 1 એપ્રિલ, 1963ના રોજ ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ થયો હતો. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – ડૉ. જીવરાજ મહેતા
- શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – ત્રીજા
- કયા મુખ્યમંત્રીના સમયમાં પારડી ઘાસિયા જમીનનો સુખદ ઉકેલ આવ્યો હતો ? – શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
- ગુજરાતમાં સૌપ્રથમ રાષ્ટ્રપતિ શાસન ક્યારે લાગ્યુ હતું ? – 1971
- વર્ષ 1969માં 'નર્મદા જળ વિવાદ ટ્રિબ્યૂનલ'ની રચના થઈ હતી. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
- ગુજરાતના ચોથા મુખ્યમંત્રીનું નામ જણાવો. – શ્રી ઘનશ્યામભાઈ ઓઝા
- ગુજરાતના કયા મુખ્યમંત્રીના શાસનકાળમાં નવનિર્માણ આંદોલન થયું હતું ? – શ્રી ચિમનભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરવામાં આવી હતી ? – શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- કયા મુખ્યમંત્રીએ 'માતૃભાષામાં વહીવટ' શરૂ કર્યો હતો ? – શ્રી બાબુભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં શિક્ષણ ક્ષેત્રે 10+2+3નું માળખું અસ્તિત્વમાં આવ્યું હતું ? – શ્રી બાબુભાઈ પટેલ
- ભારતમાં જ્યારે કટોકટી જાહેર થઈ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી બાબુભાઈ પટેલ
- ઓગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ હોનારત સર્જાઈ હતી. આ સમયે ગુજરાતના કયા મુખ્યમંત્રી હતા ? – શ્રી બાબુભાઈ પટેલ
- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર કોણે સૌથી વધુ સમય માટે સંભાળ્યો છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- કુટુંબપોથીની નવી પધ્ધતિ ગુજરાતના કયા મુખ્યમંત્રીના શાસનકાળમાં શરૂ થઈ હતી ? – શ્રી માધવસિંહ સોલંકી
- ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન યોજના કયા મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન શરૂ થઈ હતી ? – શ્રી માધવસિંહ સોલંકી
- ગરીબી દૂર કરવા 'અંત્યોદય યોજના' કયા મુખ્યમંત્રીના સમયમાં શરૂ થઈ હતી ? – શ્રી બાબુભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં 'ગોકુળગ્રામ' યોજના શરૂ થઈ હતી ? – શ્રી કેશુભાઈ પટેલ
- આદિજાતિના વિકાસ માટે 'આદિજાતિ વિકાસ કોર્પોરેશન'ની રચના કયા મુખ્યમંત્રીના સમયમાં થઈ હતી ? – શ્રી ઘનશ્યામભાઈ ઓઝા
- શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – 14મા
- કયા મુખ્યમંત્રીએ 'ગુજરાત ઈન્ફર્મેશન ટેક્નોલોજી'ની નીતિ જાહેર કરી હતી ? – શ્રી કેશુભાઈ પટેલ
- રાષ્ટ્રીય જનતા પાર્ટીની સ્થાપના કોણે કરી હતી ? – શ્રી શંકરસિંહ વાઘેલા
- શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'સંઘર્ષકાળમાં ગુજરાત' પુસ્તક કઈ ઘટનાના આધારે લખાયેલ છે ? – કટોકટી– 1975
- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી અગાઉ ભારત સરકારમાં કયો હોદો ધરાવતા હતા ? – વિદેશ મંત્રી
- શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લખાયેલ પુસ્તક 'ધ કન્વીનિયન્ટ' કઈ બાબતોના સંદર્ભે લગતુ પુસ્તક છે ? – ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણ
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વર્તમાન કેટલામી વિધાનસભાના મુખ્યમંત્રી બન્યા છે ? – 14મી
- 'જ્યોતિપુંજ' અને 'એક્ષામ વોરિયર્સ' કોના પુસ્તક છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- 'આંખ આ ધન્ય છે' અને 'કેળવે તે કેળવણી' કોના પુસ્તક છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ? – સુશ્રી શારદાબેન મુખર્જી
- જ્યોતિગ્રામ યોજના કયા મુખ્યમંત્રીએ શરૂ કરાવી હતી ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું નામ જણાવો ? – શ્રીમતી આનંદીબેન પટેલ
- શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – 16મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ સ્ટેટ યુનિવર્સિટી


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 13 સપ્ટેમ્બર, 2021ના રોજ ઉત્તરપ્રદેશના અલિગઢમાં 'રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ સ્ટેટ યુનિવર્સિટી'નો શિલાયન્સ કર્યો છે.

- આ યુનિવર્સિટીની સ્થાપના મહાન સ્વાતંત્ર્ય સેનાની, શિક્ષણશાસ્ત્રી અને સમાજ સુધારક રાજા મહેન્દ્ર પ્રતાપસિંહની સ્મૃતિ અને સન્માનમાં કરવામાં આવી છે.
- આ યુનિવર્સિટી અલિગઢ વિભાગની 395 કોલેજોને જોડાણ આપશે.

### રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ

ભારતીય સ્વાતંત્ર્ય સેનાની, પત્રકાર, લેખક અને ક્રાંતિકારી રાજા મહેન્દ્ર પ્રતાપસિંહનો જન્મ 1 ડિસેમ્બર, 1886ના રોજ હાથરસ (સંયુક્ત પ્રાત.....જે હવે ઉત્તરપ્રદેશ) ખાતે થયો હતો.

- તેઓ પશ્ચિમ ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લાના મુરસન રજવાડાના રાજા હતા.
- 1 ડિસેમ્બર, 1915ના રોજ કાબુલમાં સ્થપાયેલી ભારતની પ્રથમ કામચલાઉ સરકાર–દેશનિકાલના અધ્યક્ષ પણ હતા.
- તેમણે બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન વર્ષ 1940માં જાપાનમાં ભારતના એક્ઝિક્યુટિવ બોર્ડની રચના કરી હતી.
- તેમણે MAO કોલેજના સાથી વિદ્યાર્થીઓ સાથે વર્ષ 1911મા બાલ્કન યુધ્ધમાં પણ ભાગ લીધો હતો.
- તેમને 'આર્યન પેશવા' તરીકે પણ ઓળખવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MONDAY Questions

**1.** કઈ રાજ્ય સરકાર શ્રી સુબ્રમણ્યમ ભારતીની પૂણ્યતિથિ 11 સપ્ટેમ્બરને 'મહાકવિ દિવસ' તરીકે ઉજવશે ?

(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) કેરળ (D) મધ્યપ્રદેશ **(B)**

**2.** સ્વાતંત્ર્ય સેનાની અને મહાન કવિ શ્રી સુબ્રમણ્યમ ભારતીની વર્ષ 2021માં કેટલામી પૂણ્યતિથિ હતી ?

(A) 50મી (B) 100મી (C) 125મી (D) 150મી **(B)**

**3.** ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (B) શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી

(C) શ્રી જીતુભાઈ વાઘાણી (D) શ્રી મનસુખભાઈ માંડવિયા **(A)**

**4.** શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી બન્યા છે ?

(A) 13 મા (B) 14 મા (C) 16 મા (D) 17 મા **(D)**

**5.** ગુજરાતના નવા શિક્ષણમંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી પ્રદિપસિંહ પરમાર (B) શ્રી હર્ષ સંઘવી

(C) શ્રી ભૂપેન્દ્રભાઈ ચૂડાસમા (D) શ્રી જીતુભાઈ વાઘાણી **(D)**

**6.** ગુજરાતના નવા કૃષિમંત્રી તથા પશુપાલન અને ગૌ સંવર્ધન વિભાગના મંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી રાઘવજીભાઈ પટેલ (B) શ્રી કીરીટસિંહ રાણા

(C) શ્રી પૂર્ણેશભાઈ મોદી (D) શ્રી હર્ષકુમાર સંઘવી **(A)**

**7.** શ્રી કનુભાઈ દેસાઈ નીચેનામાંથી કઈ વિભાગના ગુજરાતના કેબિનેટ મંત્રી છે ?

(A) નાણા (B) કૃષિ (C) રમત–ગમત (D) મહેસૂલ **(A)**

**8.** ગુજરાતના 'સામાજિક ન્યાય અને અધિકારીતા' વિભાગના કેબિનેટ મંત્રીશ્રીનું નામ જણાવો.

(A) શ્રી પ્રદિપસિંહ પરમાર (B) શ્રી કનુભાઈ દેસાઈ

(C) શ્રી અર્જુનસિંહ ચૌહાણ (D) શ્રી દેવાભાઈ માલમ **(A)**

**9.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં 'રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ સ્ટેટ યુનિવર્સિટી' નો શિલાયન્સ કર્યો છે ?

(A) મધ્યપ્રદેશ (B) પંજાબ (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ




ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ 'બંધારણ સભા'એ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આ નિર્ણયના મહત્ત્વને પ્રસ્તુત કરવા માટે તથા દરેક ક્ષેત્રમાં હિન્દીનો વ્યાપ વધારવા માટે 14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(2) ભારતીય બંધારણના ભાગ– 17ના અનુચ્છેદ 343 (1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને 'દેવનાગરી' હશે.

(3) જોકે, ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો આપતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી, ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

(4) 'વિશ્વ હિન્દી દિવસ' દર વર્ષે 10 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે. જ્યારે 'હિન્દી દિવસ' 14 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ (CAFMD)




ભારતના પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ અને અમેરિકન રાષ્ટ્રપતિના ખાસ દૂત શ્રી જોન કેરીએ 13 સપ્ટેમ્બર, 2021ના રોજ 'ક્લાઈમેન્ટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ' (Climate Action and Finance Mobilisation Dialogue) શરૂ કર્યુ છે.

- ભારત–યુ.એસ આબોહવા અને ક્લીન ઉર્જા એજન્ડા 2030 ભાગીદારી હેઠળ આ સંવાદ શરૂ કરવામાં આવ્યો હતો.
- આ ભાગીદારી બંને દેશોને આબોહવા પરિવર્તન પર તેમના સહકારને નવીકરણ કરવાની અને નાણાકીય પાસાઓ પર ધ્યાન આપવાની તક પૂરી પાડશે.
- તે આબોહવા અને પર્યાવરણ પર ભારત–યુ.એસ દ્વિપક્ષીય સહયોગને પણ મજબૂત કરશે.
- રાષ્ટ્રીય સંજોગો અને ટકાઉ વિકાસની અગ્રતાઓને ધ્યાનમાં રાખીને વિશ્વએ કેવી રીતે ઝડપી અને સ્થિતિસ્થાપક આર્થિક વૃદ્ધિ સાથે આબોહવા ક્રિયાને ઝડપી ગોઠવી શકાય છે તે દર્શાવવામાં પણ મદદ કરશે.

## CAFMDના સ્તંભ

- ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગના સ્તંભો નીચે મુજબ છે :

  (1) **આબોહવા ક્રિયા સ્તંભ (Climate Action Pillar) :**

  – તેમાં આગામી દાયકામાં ઉત્સર્જન ઘટાડવાની રીતો પર સંયુક્ત દરખાસ્તો હશે.

  (2) **નાણાકીય આધારસ્તંભ (Finance Pillar) :**

  – આ માધ્યમ દ્વારા અમેરિકા ભારતમાં 450 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા અમલમાં લાવવા, મૂડી આકર્ષવા, સક્ષમ પર્યાવરણ વધારવા, નવી સ્વચ્છ ઉર્જા ટેક્નોલોજી દર્શાવવા અને દ્વિપક્ષીય સ્વચ્છ ઉર્જા રોકાણ તથા વેપારને પ્રોત્સાહન આપવા સહયોગ કરશે.

  (3) **વૈવિધ્યપણું અને સુગમતા :**

  – આબોહવા જોખમોને માપવા અને તેમનું સંચાલન કરવા માટે બંને દેશો ક્ષમતા નિર્માણમાં સહકાર આપશે.

## US Open ટેનિસ ટુર્નામેન્ટ 2021

તાજેતરમાં 30 ઓગસ્ટથી 12 સપ્ટેમ્બર, 2021 દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે 141મી US Open ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- જેમાં રશિયાના શ્રી ડેનિયલ મેડવેડેવે સાર્બિયાના શ્રી નોવાક જોકોવિચને પરાજય આપીને 'મેન્સ સિંગ્લ્સ'નું ટાઈટલ જીતી લીધુ છે.
- શ્રી ડેનિયલ મેડવેડેવનું US Openનું આ પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ છે.
- જ્યારે 'વિમેન્સ સિંગ્લસ' સ્પર્ધામાં બ્રિટનના સુશ્રી એમ્મા રાદૂકાનુ (અથવા એમ્મા રાડુકાનુ)એ કેનેડાના સુશ્રી લીલહ ફર્નાન્ડિઝને પરાજય આપીને 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધુ છે.
- સુશ્રી એમ્મા રાદૂકાનુએ US Open ટેનિસનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે 53 વર્ષ બાદ બ્રિટન માટે આ ખિતાબ જીતનાર પ્રથમ મહિલા ખેલાડી છે.




## US Open 2021 વિજેતા ખેલાડી

| ક્રમ | ટાઇટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી ડેનિયલ મેડવેડવ (રશિયા) | શ્રી નોવાક જોકોવિચ (સાર્બિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી એમ્મા રાદૂકાનુ (બ્રિટન) | સુશ્રી લીલહ ફર્નાન્ડિઝ (કેનેડા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી રાજીવ રામ (અમેરિકા)<br>શ્રી જો સેલિસબરી (બ્રિટન) | શ્રી જેમી મરે (બ્રિટન)<br>શ્રી બ્રુનો સોરેસ (બ્રાઝિલ) |
| 4 | મહિલા ડબલ્સ | સુશ્રી સામન્થા સ્ટોસુર (ઓસ્ટ્રેલિયા)<br>સુશ્રી ઝાંગ શૂઆઈ (ચીન) | સુશ્રી કોકો ગોફ (અમેરિકા)<br>સુશ્રી કેટી મેકનેલી (અમેરિકા) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી ડેસિરા ક્રાઉઝિક (અમેરિકા)<br>શ્રી જો સેલિસબરી (બ્રિટન) | સુશ્રી જુલિયાન આલમોસ (મેક્સિકો)<br>શ્રી માર્સેલો અરેવાલો (અલ સાલ્વાડોર) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની <u>ચાર</u> સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ <u>ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ</u> તરીકે ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | કયા યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ.એસ.ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.



## TUESDAY Questions

1. ભારતમાં કયો દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 10 સપ્ટેમ્બર (B) 11 સપ્ટેમ્બર (C) 12 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(D)**

2. ભારતમાં બંધારણ સભા દ્વારા હિન્દીને 'રાજભાષા'નો દરજ્જો ક્યારે આપવામાં આવ્યો હતો ?

(A) 14 સપ્ટેમ્બર, 1947 (B) 14 સપ્ટેમ્બર, 1948

(C) 14 સપ્ટેમ્બર, 1949 (D) 14 સપ્ટેમ્બર, 1950 **(C)**

3. તાજેતરમાં ભારતે કઈ દેશ સાથે 'ક્લાઈમેન્ટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ' શરૂ કર્યુ છે ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) બાંગ્લાદેશ (D) કેન્યા **(A)**

4. યુએસ ઓપન 2021માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી ડેનિયલ મેડવેડેવ (B) શ્રી નોવાક જોકોવિચ

(C) શ્રી રોજર ફેડરર (D) શ્રી રાફેલ નડાલ **(A)**

5. યુએસ ઓપન 2021માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી સેરેના વિલિયમ્સ (B) સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ

(C) સુશ્રી એમ્મા રાદૂકાનુ (D) સુશ્રી લીલહ ફર્નાન્ડિઝ **(C)**

6. યુએસ ઓપન 2021માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર ખેલાડી શ્રી ડેનિયલ મેડવેડેવ કયા દેશના ખેલાડી છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) રશિયા (C) જર્મની (D) સાર્બિયા **(B)**

7. યુએસ ઓપન 2021માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા સુશ્રી એમ્મા રાદૂકનુ કયા દેશના ખેલાડી છે ?

(A) બ્રિટન (B) સાર્બિયા (C) અમેરિકા (D) ઓસ્ટ્રેલિયા **(A)**

8. વર્ષના અંતે રમાતી ચોથી અને સૌથી અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટનું નામ શું છે ?

(A) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (B) ફ્રેન્ચ ઓપન

(C) યુએસ ઓપન (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(C)**


9. યુએસ ઓપન કઈ કોર્ટ પર રમાય છે ?

(A) ક્લેકોર્ટ (B) હાર્ડકોર્ટ (C) ગ્રાસકોર્ટ (D) (A) અને (B) બંને **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર, (1) એન્જિનિયર દિવસ (Engineer's Day)
## (2) આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy)
## (3) વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ (World Lymphoma Awarness Day)

### એન્જિનિયર દિવસ




વિશ્વના વિવિધ દેશોમાં જુદા–જુદા દિવસે 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 15 સપ્ટેમ્બરના રોજ 'એન્જિનિયર દિવસ' ઉજવાય છે.
- ભારતના મહાન સિવિલ એન્જિનિયર શ્રી એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં તેમનો જન્મદિન 15 સપ્ટેમ્બર ભારતમાં દર વર્ષે 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી એમ. વિશ્વેશ્વરૈયાનું પૂરું નામ સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા છે.
- તેઓ Sir MV તરીકે પ્રસિધ્ધ હતા.
- તેમનો જન્મ 15 સપ્ટેમ્બર, 1860ના રોજ વર્તમાન કર્ણાટકના ચિક્કાબાલાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ખાતે થયો હતો.
- તેઓ 1912 થી 1919 દરમિયાન મૈસુર રાજ્યના દિવાન પણ રહ્યા હતા.
- તેમને 1955માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન' એનાયત થયો હતો.

નોંધ : (1) ભારતના તેલંગાણામાં હૈદરાબાદના પ્રસિધ્ધ એન્જિનિયર શ્રી અલી નવાઝ જંગ બહાદુરની યાદમાં તેમનો જન્મ દિન 11 જુલાઈ 'Telangana Engineer's Day' તરીકે ઉજવાય છે.

(2) સર એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં 15 સપ્ટેમ્બરના રોજ માત્ર ભારતમાં જ નહિ પરંતુ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયામાં પણ 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(3) યુનેસ્કો દ્વારા દર વર્ષે 4 માર્ચના રોજ 'World Engineer's Day' ઉજવાય છે.

### આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

- સમગ્ર વિશ્વમાં લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 8 નવેમ્બર, 2007ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2008માં આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- નોંધનીય છે કે વસતીની દષ્ટિએ ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.
- અંગ્રેજીમાં લોકશાહી શબ્દને 'Democracy' કહેવામાં આવે છે, જે ગ્રીક મૂળ શબ્દ 'ડેમોસ' અને 'ક્રેસી' પરથી ઉતરી આવ્યો છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- 'ડેમોસ'નો અર્થ 'સામાન્ય લોકો' અને 'ક્રેસી'નો અર્થ 'શાસન' થાય છે, આમ લોકશાહીનો અર્થ લોકોનું શાસન થાય છે.
- વર્ષ 2021ની આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની થીમ 'Strengthening democratic resilience in the face of future crises' છે.

## છત્તીસગઢે 'બાજરા મિશન' (Millet Mission) શરૂ કર્યુ

છત્તીસગઢ સરકારે 14 સપ્ટેમ્બર, 2021ના રોજ રાજ્યને દેશનું બાજરા હબ બનાવવા માટે 'બાજરા મિશન' શરૂ કર્યુ છે.

- બાજરા મિશનનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને નાના અનાજના પાક (બરછટ અનાજ) માટે વાજબી ભાવ અને તેમને ઈનપુટ સપોર્ટ, પ્રાપ્તિ વ્યવસ્થા અને પ્રોસેસિંગ સુવિધાઓ પૂરી પાડવાનો અને ખેડૂતોને નિષ્ણાત સહાયનો લાભ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.
- આ મિશનના લોકાપર્ણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેશ બઘેલે કહ્યું કે છત્તીસગઢ ટૂંક સમયમાં ભારતનું બાજરીનું કેન્દ્ર બનશે.
- આ ઉપરાંત તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે નાના વન પેદાશની જેમ, રાજ્ય નાના અનાજ પાકને તેની તાકાત બનાવવા માગે છે.
- આ મિશનને સફળ બનાવવા માટે 14 જિલ્લાઓના કલેક્ટરે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિલેટ રિસર્ચ' સાથે પણ MoU કર્યા છે.
- આ MoU હેઠળ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિલેટ રિસર્ચ– હૈદરાબાદ' કોડો, કુટકી અને રાગીની ઉત્પાદકતા વધારવા માટે સપોર્ટ અને માર્ગદર્શન આપશે. તથા ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે.
- આ સંસ્થા છત્તીસગઢમાં બીજ બેંક સ્થાપવામાં પણ મદદ કરશે.
- આ મિશન એ પણ સુનિશ્ચિત કરવા માગે છે કે ખેડૂતોને નિષ્ણાતોની કૂશળતાનો લાભ મળે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ક્વાડ સમિટમાં ભાગ લેશે

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 24 સપ્ટેમ્બરે અમેરિકાના વૉશિંગટનમાં 'ક્વાડ લીડર્સ સમિટ' (Quad Leaders Summit)માં ભાગ લેશે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 25 સપ્ટેમ્બરે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના 76માં સત્રની ઉચ્ચ સ્તરીય બેઠકને પણ સંબોધિત કરશે.
- તેઓ ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના તેમના સમકક્ષો સાથે ક્વાડ ફ્રેમવર્ક સમિટમાં ભાગ લેશે.
- ક્વાડ (QUAD)ને QSD તરીકે ઓળખવામાં આવે છે. QUDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે.
- ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીલંકાના ઝડપી બોલર શ્રી લસિથ મલિંગાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

શ્રીલંકાના ઝડપી બોલર શ્રી લસિથ મલિંગાએ 14 સપ્ટેમ્બર, 2021ના રોજ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

- આ અગાઉ વર્ષ 2011માં તેમણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.
- ત્યારબાદ વર્ષ 2019માં વન ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.
- 14 સપ્ટેમ્બર, 2021ના રોજ તેમણે આંતરરાષ્ટ્રીય T-20 અને IPL T-20 જેવી લીગમાંથી પણ નિવૃત્તિ જાહેર કરી છે.
- શ્રી લસિથ મલિંગાનો જન્મ 28 ઓગસ્ટ, 1983ના રોજ શ્રીલંકાના ગાલે ખાતે થયો હતો.
- શ્રી લસિથ મલિંગાએ 30 ટેસ્ટ મેચમાં 101 વિકેટ અને 275 રન કર્યા છે. તથા 226 વન ડે મેચમાં 338 વિકેટ અને 567 રન કર્યા છે.
- આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટમાં 84 મેચમાં 107 વિકેટ અને 136 રન બનાવ્યા છે.
- તેઓ વર્ષ 2020માં T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 100 વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યા હતા.



1. ભારતમાં 'એન્જિનિયર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી એમ.વિશ્વેશ્વરૈયા (B) શ્રી સુબ્રમણ્યમ રામાદુરાઈ

(C) શ્રી ઈ. શ્રીધરન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

3. નીચેનામાંથી કયા દેશમાં 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ભારત (B) શ્રીલંકા (C) તાન્ઝાનિયા (D) ઉપરોક્ત ત્રણેય (D)

4. 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 સપ્ટેમ્બર (B) 13 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 15 સપ્ટેમ્બર (D)

5. 'વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર (B)

6. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'બાજરા મિશન' શરૂ કર્યુ છે ?

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) આસામ (D) છત્તીસગઢ (D)

7. QUAD (ક્વાડ) દેશમાં કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) અમેરિકા (B) જાપાન (C) બાંગ્લાદેશ (D) ઓસ્ટ્રેલિયા (C)

8. તાજેતરમાં શ્રી લસિથ મલિંગાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તે કયા દેશના પ્રસિધ્ધ ઝડપી બોલર હતા ?

(A) શ્રીલંકા (B) ન્યુઝિલેન્ડ (C) બાંગ્લાદેશ (D) આફ્રિકા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર,વિશ્વ ઓઝોન દિવસ




ઓઝોનના પડના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પૃથ્વીના વાયુમંડળમાં આવેલું ઓઝોનનું પડ સૂર્ય પરથી આવતા હાનિકારક પારજાંબલી કિરણોનું શોષણ કરીને પૃથ્વીની જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.
- આધુનિક ટેક્નોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃત્તિઓને કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ થઈ છે.
- આથી ઓઝોનના પડમાં થતુ નુકશાન અટકાવવા માટે જાગૃતિ લાવવા 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઓઝોનના પડના સંરક્ષણ માટે 16 સપ્ટેમ્બર, 1987ના રોજ મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આથી આ દિવસની યાદમાં સંયુક્તરાષ્ટ્ર મહાસભા દ્વારા 19 ડિસેમ્બર, 2000ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસે 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણીનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2021ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ 'Montreal Protocol- Keeping us, Our Food and Vaccines Cool' છે.

## સંસદ ટીવી (Sansad TV)નો પ્રારંભ

ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી અને રાજ્યસભાના અધ્યક્ષ શ્રી વેંકૈયા નાયડુ, વાડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ 15 સપ્ટેમ્બર, 2021ના રોજ સંયુક્ત રીતે 'સંસદ ટીવી' લોન્ચ કર્યુ છે.

- સંસદ ટીવીની લોન્ચની તારીખ 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'ને ધ્યાનમાં રાખીને નિશ્ચિત કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સંસદ ટીવી વિશે

રાજ્યસભા ટીવી અને લોકસભા ટીવીને મર્જ કરીને ફેબ્રુઆરી, 2021માં સંસદ ટીવીની રચના કરવામાં આવી હતી.

- ત્યારબાદ સરકારે માર્ચ 2021માં સંસદ ટીવીના સીઈઓની નિમણૂક કરવામાં આવી હતી.
- સંસદ ટીવી હેઠળ મુખ્યત્વે ચાર કેટેગરીમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે :

  (1) સંસદ અને લોકશાહી સંસ્થાઓની કામગીરી

  (2) યોજનાઓ અને નીતિઓનું શાસન તથા અમલીકરણ

  (3) ભારતનો ઈતિહાસ અને સંસ્કૃતિ

  (4) સમકાલીન પ્રકૃતિના મુદ્દાઓ
- સંસદ ટીવી એક ભારતીય સરકારી ટેલિવિઝન સેવા છે જે સંસદના બંને ગૃહો અને અન્ય જાહેર બાબતોના કાર્યક્રમનું પ્રસારણ કરે છે.

- નિવૃત્ત IAS અધિકારી શ્રી રવિ કપુર આ ચેનલના વર્તમાન સીઈઓ છે.

  (1) 'લોકસભા ટીવી'ની શરૂઆત વર્ષ 2006માં થઈ હતી.

  (2) 'રાજ્યસભા ટીવી'ની શરૂઆત વર્ષ 2011માં થઈ હતી.

## કેન્દ્ર સરકારે ઓટોમોબાઈલ, ઓટો-ઘટકો અને ડ્રોન ઉદ્યોગ માટે PLI યોજનાને મંજૂરી આપી

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારતની ઉત્પાદન ક્ષમતાને વધારવા માટે ઓટો, ઓટો કમ્પોનન્ટ્સ અને ડ્રોન ઉદ્યોગો માટે 26,058 કરોડ રૂપિયાની 'પ્રોડક્શન–લિંક્ડ પ્રોત્સાહન' (PLI) યોજનાને મંજૂરી આપી છે.

- ઓટો, ઓટો–કમ્પોનન્ટ્સ અને ડ્રોન ઉદ્યોગ માટે લોન્ચ કરવામાં આવેલી 'પ્રોડક્શન–લિંક્ડ પ્રોત્સાહન' (PLI) યોજના કેન્દ્રીય બજેટ 2021-22 દરમિયન 13 ક્ષેત્રો માટે જાહેર કરાયેલી PLI યોજનાનો એક ભાગ છે, જેમાં 1.97 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- ભારતની 'આત્મનિર્ભરતા' તરફની સફરમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે અને ભારતને ઓટો અને ડ્રોન ઉત્પાદક દેશોની ટોચની યાદીમાં સ્થાન અપાવવામાં મદદ કરી શકે છે.

### ઓટો સેક્ટર માટે PLI યોજના

આમાં પરંપરાગત પેટ્રોલ, ડીઝલ અને CNG સેગમેન્ટ (આંતરિક દહન એન્જિન)નો સમાવેશ કરવામાં આવ્યો નથી કારણ કે ભારતમાં તેમની પર્યાપ્ત ક્ષમતા પૂરતી છે.

- આ અંતર્ગત માત્ર અદ્યતન ઓટોમોટિવ ટેક્નોલોજી અથવા ઓટો ઘટકોનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે, જેની સપ્લાય ચેઈન ભારતમાં નબળી અથવા નિષ્ક્રિય છે.
- તેનો ઉદ્દેશ નવી ટેક્નોલોજી અને સ્વચ્છ ઈંધણની અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### યોજનાના ઘટકો

- આ યોજનામાં બે ઘટકો શામેલ છે :

  (1) ચેમ્પિયન OEM પ્રોત્સાહક યોજના (Champion OEM Incentive Scheme) :

  – આ 'વેચાણ કિંમત લિંક્ડ' યોજના છે. જે બેટરી ઈલેક્ટ્રિક વાહનો તેમજ સેગમેન્ટના હાઈડ્રોજન ફ્યુઅલ સેલ વાહનોને લાગુ પડે છે.

  (2) કમ્પોનન્ટ ચેમ્પિયન પ્રોત્સાહક યોજના (Component Champion Incentive Scheme) :

  – તે એક 'સેલ્સ વેલ્યુ લિંક્ડ' યોજના છે, જે વાહનોના અદ્યતન ઓટોમોટિવ ટેક્નોલોજી ઘટક, ટુ–વ્હીલર્સ, કોમર્શિયલ વાહનો, પેસેન્જર વાહનો અને ટ્રેક્ટર્સને લાગુ પડે છે.

## મહત્વ

- ઉન્નત રસાયણ બેટરી (Advanced Chemistry Cell) માટે પહેલેથી જ શરૂ કરાયેલ PLI અને ફાસ્ટ એડોપ્શન ઓફ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રિક વ્હીકલ્સ (FAME) યોજના સાથે આ યોજના ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પણ વેગ આપશે.
- તે કાર્બન ઉત્સર્જન અને તેલની આયાત ઘટાડવામાં યોગદાન આપશે.
- તે અદ્યતન તકનીકનો ઉપયોગ કરીને ઓટોઘટકોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે જે સ્થાનિકીકરણ, સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપશે અને વિદેશી રોકાણને પણ આકર્ષશે.
- તેનાથી નવી સુવીધાઓ ઉભી કરવામાં અને વધુ રોજગારી ઉભી કરવામાં મદદ મળશે. આ ઉપરાંત ઓટો સેક્ટર માટે 7.5 લાખ નોકરીઓનું સર્જન થવાની ધારણા છે.

## ડ્રોન સેક્ટર માટે પ્રોડક્શન-લિંક્ડ પ્રોત્સાહન (PLI)

તેમાં એરફ્રેમ, પ્રોપલ્શન સિસ્ટમ, પાવર સિસ્ટમ્સ, ઈનર્શિયલ માપન એકમો, ફ્લાઈટ કંટ્રોલ મોડ્યુલો, ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન, કોમ્યુનિકેશન સિસ્ટમ, કેમેરા, સેન્સર, ઈમર્જન્સી રિકવરી સિસ્ટમ સહિત વિવિધ પ્રકારના ડ્રોન ઘટકોનો સમાવેશ થાય છે.

- આનાથી રૂ. 5000 કરોડથી વધુના નવા રોકાણને વેગ મળશે અને રૂ. 1500 કરોડથી વધુની વૃધ્ધિ ઉત્પન થશે તથા લગભગ 10,000 નોકરીઓ ઉપરાંત વધારાની રોજગારીનું સર્જન થવાની ધારણા છે.

**મહત્વ :**

તે ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક બજાર માટે ડ્રોન, ઘટકો અને સોફ્ટવેરનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરશે.

- તે ડ્રોનના ઉપયોગ માટે વિવિધ પ્રકારના કાર્યક્ષેત્રો પણ ખૂલશે.
- આયાત ઘટાડવામાં પણ તે મદદ કરશે. હાલ ભારતમાં 90% ડ્રોનની આયાત થાય છે.
- કેન્દ્ર સરકાર 2030 સુધીમાં ભારતને વૈશ્વિક ડ્રોન હબ બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.

## ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના

માર્ચ 2020માં શરૂ થયેલી 'પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન' યોજનાનો ઉદ્દેશ સ્થાનિક એકમોમાં નિર્મિત ઉત્પાદનોના વેચાણમાં કંપનીઓને પ્રોત્સાહિત કરવાનો છે.

- ભારતમાં એકમો સ્થાપવા માટે વિદેશી કંપનીઓને આમંત્રણ આપવા ઉપરાંત આ યોજનાનો હેતુ સ્થાનિક કંપનીઓને હાલના ઉત્પાદન એકમો અથવા વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- આ યોજનાને ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, આઈટી હાર્ડવેર જેવા કે લેપટોપ, મોબાઈલ ફોન અને ટેલિકમ્યુનિકેશન સાધનો, રાસાયણિક સેલ, ફૂડ પ્રોસેસિંગ અને કાપડ ઉદ્યોગ માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર **(C)**

2. ઓઝોન પડના સંરક્ષણ માટે મોન્ટ્રીયલ પ્રોટોકલ પર હસ્તાક્ષર ક્યારે કરવામાં આવ્યા હતા કે જેની યાદમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર, 1986 (B) 16 સપ્ટેમ્બર, 1987

(C) 16 સપ્ટેમ્બર, 1988 (D) 16 સપ્ટેમ્બર, 1989 **(B)**

3. રાજ્યસભા ટીવી અને લોકસભા ટીવીને મર્જ કરીને કઈ ટીવી ચેનલની રચના કરવામાં આવી છે ?

(A) R & L TV (B) Loksabha India

(C) Sansad TV (D) D.D. Loksabha **(C)**

4. તાજેતરમાં લોન્ચ કરાયેલી સંસદ ટીવી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) રાજ્યસભા અને લોકસભા ટીવીને મર્જ કરીને ફેબ્રુઆરી 2021માં તેની રચના કરવામાં આવી હતી.

(B) સંસદ ટીવી એક ભારતીય સરકારી ટેલિવિઝન સેવા છે જે સંસદના બંને ગૃહો અને અન્ય જાહેર બાબતોના કાર્યક્રમનું પ્રસારણ કરે છે.

(C) (A ) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

5. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારતની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ઓટો, ઓટો કમ્પોનન્ટ્સ અને ડ્રોન ઉદ્યોગો માટે ______ રૂપિયાની PLI યોજનાને મંજૂરી આપી છે ?

(A) 26,058 (B) 51,058 (C) 41,058 (D) 39,058 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patients Safety Day)

## SpaceXએ ઈતિહાસ રચ્યો : ચાર નાગરિકોને અંતરિક્ષમાં મોકલ્યા



પ્રસિધ્ધ કાર કંપની ટેસ્લાના માલિક અને બિઝનેસમેન શ્રી એલન મસ્કની માલિકીની એરોસ્પેસ કંપની SpaceXએ 15 સપ્ટેમ્બર, 2021ના રોજ તેની પ્રથમ ખાનગી ફ્લાઈટમાં ચાર નાગરિકોને અંતરિક્ષમાં મોકલી ઈતિહાસ રચ્યો છે.

- આ માટે અમેરિકાના ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી સ્પેસએક્સનું ક્રૂ ડ્રેગન કેપ્સુલ ફાલ્કન–9 રોકેટ અંતિરક્ષમા જવા લોન્ચ કરવામાં આવ્યું હતું. જેને ‘ઈન્સાપાઈરેશન– 4’ મિશન નામ આપવામાં આવ્યું છે.
- આ મિશન હેઠળ ચાર સિવિલિયન અવકાશયાત્રીઓ પૃથ્વીની સપાટીથી 575 કિલોમીટરની ઉંચાઈ પર ત્રણ દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કરશે.
- નોંધનીય છે કે આ ચાર અવકાશયાત્રીઓમાંથી કોઈ વ્યાવસાયિક અવકાશયાત્રી નથી, ફક્ત શોખથી પ્રવાસ કરી રહ્યા છે. આ મિશન સ્પેસ ટૂરિઝમને વેગ આપશે.

(1) SpaceXએ એક અમેરિકન એરોસ્પેસ ઉત્પાદક, અવકાશ પરિવહન સેવાઓ અને સંચાર કંપની છે.

(2) તેનું મુખ્યમથક હેર્થોન, કેલિફોર્નિયામાં સ્થિત છે.

(3) આ કંપનીની સ્થાપના શ્રી એલન મસ્ક દ્વારા વર્ષ 2002માં કરવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વનું પ્રથમ ‘પાંચ દેશોનું બાયોસ્ફિયર રિઝર્વ’

તાજેતરમાં UNESCO દ્વારા ‘મુરા–દ્રવા–ડેન્યૂબ’ (Mura- Drava- Danube- MDD)ને વિશ્વનું પ્રથમ ‘પાંચ દેશનું બાયોસ્ફિયર રિઝર્વ’ જાહેર કર્યુ છે.


- આ બાયોસ્ફિયર રિઝર્વ મુરા, દ્રવા અને ડેન્યૂબ નદીઓ સાથે 700 કિ.મીના વિસ્તારમાં અને ઓસ્ટ્રિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા, હંગેરી અને સર્બિયામાં ફેલાયેલ છે.
- આ રિઝર્વનો કુલ વિસ્તાર એક મિલિયન હેક્ટર છે. જેને કથિત રૂપે ‘એમેઝોન ઓફ યુરોપ’ કહેવામાં આવે છે.
- મુરા–દ્રવા ડેન્યૂબા (MDD) ક્ષેત્ર પ્રજાતિઓની વિવિધતાની દષ્ટિએ તે યુરોપના સૌથી ધનિક પ્રદેશોમાંનો એક છે.
- તે પૂરના મેદાનોના જંગલો, કાંકરી અને રેતીના કાંઠા, નદીના ટાપુઓ, ઓક્સબો (યુ આકારનું તળાવ) અને ઘાસના મેદાનનો વિસ્તાર છે.
- દર વર્ષે અહીં આવતા 2,50,000 થી વધુ સ્થળાંતર કરનારા જળચર માટે તે મહત્વનું સ્થળ છે.

## AUKUS : ઈન્ડો-પેસિફિક માટે નવી સુરક્ષા ભાગીદારી

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડનના વહીવટીતંત્રે ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર માટે નવી ત્રિપક્ષીય સુરક્ષા ભાગીદારીની જાહેરાત કરી છે.

- આ સુરક્ષા ભાગીદારી ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા વચ્ચે કરવામાં આવી હતી.
- આ સુરક્ષા જૂથને 'AUKUS' તરીકે ઓળખવામાં આવે છે. તે ઈન્ડો–પેસિફિક ક્ષેત્રોમાં વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- AUKUS એટલે.......
  A- ઓસ્ટ્રેલિયા
  UK- યુનાઈટેડ કિંગ્ડમ
  US- અમેરિકા
- આ ભાગીદારીનું મુખ્ય આકર્ષણ અમેરિકા દ્વારા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન ટેક્નોલોજીની વહેંચણી છે.
- આવી સબમરીન લાંબા સમય સુધી તૈનાત કરી શકાય છે.
- AUKUSમાં ઉભરતી ટેક્નોલોજી જેવી કે AI, ક્વોન્ટમ ટેક્નોલોજી તેમજ પાણીની અંદર ક્ષમતાઓમાં સહયોગનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર — (B)

2. SpaceX એ તેની પ્રથમ ખાનગી ફ્લાઈટમાં કેટલા નાગરિકોને અંતરિક્ષમાં મોકલ્યા હતા ?

(A) 4 (B) 8 (C) 14 (D) 16 — (A)

3. SpaceX એ કયા દેશની એરોસ્પેસ ઉત્પાદક, અવકાશ પરિવહન સેવાઓ અને સંચાર કંપની છે ?

(A) જાપાન (B) અમેરિકા (C) ફ્રાન્સ (D) યુકે — (B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં યુનેસ્કોએ ________ ને વિશ્વનું પ્રથમ 'પાંચ દેશનું બાયોસ્ફિયર રિઝર્વ' જાહેર કર્યુ છે ?

(A) મુરા– દ્રવા– ડેન્યૂબ
(B) મોનો ટ્રાન્સબાઉન્ડરી બાયોસ્ફિયર રિઝર્વ
(C) સેનેગલ નદી ડેલ્ટા ટ્રાન્સબાઉન્ડરી રિઝર્વ
(D) ગિશ્વતી– મુકુરા લેન્ડસ્કેપ — (A)

5. AUKUS કયા ત્રણ દેશો વચ્ચે ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર માટે નવી ત્રિપક્ષીય સુરક્ષા ભાગીદારી છે ?

(A) ઓસ્ટ્રેલિયા, કુવેત, સાઉથ આફ્રિકા
(B) આફ્રિકા, યુનાઈટેડ કિંગ્ડમ, સાર્બિયા
(C) ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ, અમેરિકા
(D) આવી કોઈ ભાગીદારી નથી — (C)

## દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (International Equal Pay Day) (2) વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)

### આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ

સમગ્ર વિશ્વમાં 18 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2020માં આ દિવસની પ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- ખાસ કરીને મહિલાઓ અને પુરુષો વચ્ચે રહેલી પગારની અસમાનતા દૂર કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાં મહિલાઓને પુરુષો કરતા વેતનમાં ઓછી ચૂકવણી કરવામાં આવે છે.
- આથી, પગારની આ અસમાનતા દૂર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 15 નવેમ્બર, 2019ના રોજ દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ આ દિવસ ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.

## 21મી SCO સમિટ




તાજેતરમાં શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના દેશોના વડાઓની પરિષદની 21મી સમિટ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા તાઝાકિસ્તાનના દુશાંબેમાં યોજાઈ હતી.

- આ બેઠકમાં મુખ્યત્વે અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અને તેના વૈશ્વિક પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- આ બેઠકમાં ઈરાનને સંગઠનના નવમાં પૂર્ણ સભ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ચ્યુઅલ સમિટમાં કટ્ટરપંથી અને ઉગ્રવાદ સામે લડવા માટે કડક વલણ અપનાવવાનું કહ્યું હતું.
- આ ઉપરાંત આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ SCOના નવા સભ્ય દેશ ઈરાનનું પણ સ્વાગત કર્યુ હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ભારત મધ્ય એશિયા સાથે જોડાણ વધારવા પ્રતિબધ્ધ છે. ભારત માને છે કે તમામ દેશોની પ્રાદેશિક અખંડિતતાનું સન્માન થવું જોઈએ.

### SCO

શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (અથવા તો શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તાણાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સંગઠન 'શાંઘાઈ ફાઈવ' તરીકે ઓળખાયું.
- ત્યારબાદ 15 જૂન, 2001ના રોજ 'શાંઘાઈ ફાઈવ' દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા 'શાંઘાઈ કો–ઓપરેશન'ની રચના કરવામાં આવી હતી.
- આ માટે 'શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર' પર જૂન 2002માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- અને આ ચાર્ટર 19 સપ્ટેમ્બર, 2003થી લાગુ થયું હતું.
- આમ કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી. અને ભારત તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
- જોકે ત્યારબાદ 9 જૂન, 2017ના રોજ કઝાકિસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCOની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમાં અને પાકિસ્તાન આ સંગઠનના આઠમાં સભ્ય તરીકે સામેલ થયા હતા.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2021ના રોજ ઈરાનનો સમાવેશ થયો છે.
- આમ સપ્ટેમ્બર 2021 સુધીમાં SCOમાં કુલ 9 સભ્ય દેશ છે.
- આ ઉપરાંત SCOના ઓબ્ઝર્વર દેશોમાં અફઘાનિસ્તાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે.
- SCO એ યુરેશિયન રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે.
- તેનું વડું મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અર્થશોટ પુરસ્કાર, 2021 (Earthshot Prize 2021)

તાજેતરમાં 15 ફાઈનલિસ્ટમાંથી બે ભારતીયોને લંડનમાં યોજનારા પ્રથમ અર્થશોટ પુરસ્કાર, 2021 માટે પંસદ કરવામાં આવ્યા છે.

- જેમાં તમિલનાડુના 14 વર્ષીય દીકરી સુશ્રી વિનિશા ઉમાશંકરની પસંદગી કરવામાં આવી છે.
- સુશ્રી વિનિશા ઉમાશંકરને તેમના પ્રોજેક્ટ 'સોલાર પાવર્ડ આયર્નિંગ કાર્ટ' માટે પંસદ કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત દિલ્હી સ્થિત ઉદ્યોગસાહસિક શ્રી વિદ્યુત મોહનની પણ પંસદગી કરવામાં આવી છે.
- શ્રી વિદ્યુત મોહનને તેમનો પ્રોજેક્ટ 'કૃષિ વેસ્ટ રિસાયકલિંગ કન્સેપ્ટ' માટે પંસદ કરવામાં આવ્યા છે.

### અર્થશોટ પુરસ્કાર 2021 વિશે

ઓક્ટોબર 2020માં બ્રિટનના પ્રિન્સ વિલિયમ દ્વારા પૃથ્વી પર ઉભી થતી સમસ્યાઓના પ્રેરણાદાયક અને નવીન ઉકેલો શોધવા માટે આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.

- આ અર્થશોટ પુરસ્કાર અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી જ્હોન એફ. કેનેડી દ્વારા શરૂ કરાયેલ 'મૂનશોટ પ્રાઈઝ'થી પ્રેરિત છે.
- યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ દ્વારા પાંચ અલગ–અલગ કેટેગરીમાં આ એવોર્ડનું વિતરણ કરવામાં આવે છે.
- આ પાંચ અર્થશોટ અથવા કેટેગરી નીચે મુજબ છે :

(1) પ્રકૃતિનું રક્ષણ અને પુનઃ સ્થાપન

(2) સ્વચ્છ હવા

(3) મહાસાગરોનું પુનરુત્થાન

(4) કચરા મુક્ત વિશ્વનું નિર્માણ

(5) આબોહવા ક્રિયા

- દર વર્ષ **2021 થી 2030**ની વચ્ચે વિશ્વના વિવિધ શહેરોમાં આ એવોર્ડ સમારંભ યોજાશે, જેમાં 15 ફાઈનલિસ્ટમાંથી પાંચ વિજેતા (દરેક અર્થશોટ માટે 1) પંસદ કરવામાં આવશે.
- પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ શોધવા અને પર્યાવરણ સુરક્ષાના નોંધપાત્ર યોગદાન બલદ આ એવોર્ડ આપવામાં આવશે.
- આ એવોર્ડ વિજેતાને 1 મિલિયન પાઉન્ડનું ઈનામ આપવામાં આવશે. જે રોયલ ફાઉન્ડેશન ઈંગ્લેન્ડ દ્વારા આપવામાં આવશે.



## SATURDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(A)**

2. 'વિશ્વ વાંસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર **(C)**

3. તાજેતરમાં SCOના દેશોના વડાઓની પરિષદની કેટલામી સમિટ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા તાઝાકિસ્તાનના દુશાંબેમાં યોજાઈ હતી ?

(A) 18 મી (B) 21 મી (C) 25 મી (D) 27 મી **(B)**

4. SCOનું પૂરું નામ શું છે ?

(A) શાંઘાઈ કોઓર્ડિનન્સ ઓર્ગેનાઈઝેશન (B) સોશિયલ કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન

(C) સોશિયલ કો–ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન (D) શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન **(D)**

5. SCOની રચના ક્યારે થઈ હતી ?

(A) 26 એપ્રિલ, 1996 (B) 26 એપ્રિલ, 2001

(C) 15 જૂન, 1996 (D) 15 જૂન, 2001 **(D)**

6. 15 જૂન, 2001ના રોજ કેટલા દેશો દ્વારા SCOની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) 8 (B) 5 (C) 7 (D) 6 **(D)**

7. SCO ના સભ્ય દેશ તરીકે ભારત અને પાકિસ્તાનનો સમાવેશ ક્યારે થયો હતો ?

(A) 10 જૂન, 2017 (B) 7 જૂન, 2017 (C) 12 જૂન, 2017 (D) 9 જૂન, 2017 **(D)**

8. તાજેતરમાં SCOના નવમાં સભ્ય તરીકે કોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) મ્યાનમાર (B) ઈરાન (C) માલદીવ (D) ફિલિપાઈન્સ **(B)**

9. તાજેતરમાં પ્રથમ અર્થશોટ પુરસ્કાર, 2021 માટે ભારતના સુશ્રી વિનિશા ઉમાશંકર અને શ્રી વિદ્યુત મોહનની પંસદગી કરવામાં આવી છે. આ પુરસ્કારની સ્થાપના ઓક્ટોબર 2020માં કોણે કરી હતી ?

(A) બ્રિટનના પ્રિન્સ વિલિયમ દ્વારા

(B) અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જોન. એફ. કેનેડી દ્વારા

(C) જાપાનના એક રાજકીય વ્યક્તિ શ્રી યોશીહિડે સુગા દ્વારા

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ સ્થિત 'સરદારધામ ભવન'નું ઉદ્‌ઘાટન કર્યુ.**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 સપ્ટેમ્બર, 2021ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમદાવાદમાં સ્થિત અત્યાધુનિક સરદારધામ ભવનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ ઉપરાંત તેમણે આ પ્રસંગે નિમિત્તે સરદારધામ ફેઝ– 2 કન્યા શાળાનો શિલાયન્સ પણ કર્યો છે. આ સરદારધામ ભવન 200 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેમાં ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા છોકરાઓ અને છોકરીઓ માટે પુસ્તકાલય, છાત્રાલય, કારકિર્દી માર્ગદર્શન અને તાલિમ કેન્દ્ર તથા ઓડિટોરિયમ જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે. સરદારધામ ભવન ભારતની આવનારી પેઢીઓને સશક્ત બનાવવાની સાથે સાથે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે તેમના જીવનમાં અપનાવેલા સિધ્ધાંતોને અનુસરીને તેમનું જીવન જીવવા માટે પ્રેરણા આપશે. સરદારધામ ભવનના મુખ્ય ઉદ્દેશ આ મુજબ છે : (1) જરૂરિયાતમંદ પાટીદાર પરિવારનો સામાજિક અને આર્થિક વિકાસ કરવો, (2) સ્ત્રી  સશક્તિકરણ, શૈક્ષણિક, સ્વરોજગારી તેમજ ઉદ્યોગ સાહસિક્તામાં ભાગીદારી, (3) આરોગ્યને જોખમકારક, તંબાકુ, ગુટકા તેમજ દારૂ અને નશાયુક્ત ચીજવસ્તુઓના સેવન/વ્યસન દૂર કરવાના પ્રયત્નો કરવા અને તે અંગે અભિયાન ચલાવવું, (4) પ્રથમ તબક્કામાં 2000 દીકરા અને દીકરીઓ માટે છાત્રાલય સુવિધાનું નિર્માણ કરવું, જે બીજા તબક્કામાં વધારીને 8000 કરવામાં આવશે.

➤ **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે 'નરેન્દ્ર મોદી વન'નું લોકાર્પણ કર્યુ**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 71માં જન્મદિવસે અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે નવનિર્મિત 'નરેન્દ્ર મોદી વન'માં રેકોર્ડ બ્રેક 71 હજાર વૃક્ષારોપણ કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતનનો સંદેશો આપ્યો હતો. 71 હજાર વૃક્ષો અમદાવાદ શહેરના ગ્રીન કવર વિસ્તાર વધારવામાં મદદ કરશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'Mission Million Trees' અભિયાનને વેગવંતુ બનાવવા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 71મા જન્મદિવસે ગુજરાતમાં 400થી વધુ સ્થળોએ 'ગરીબોની બેલી સરકાર' કાર્યક્રમો યોજાયા**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 71મા જન્મદિવસે 'ગરીબોની બેલી સરકાર' અન્વયે આયોજિત ગરીબ હિતકારી સેવા કાર્યક્રમોનો રાજ્યવ્યાપી પ્રારંભ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં જિલ્લા, તાલુકા, નગર, મહાનગર કક્ષાએ 400 જેટલા આવા કાર્યક્રમોના આયોજનથી ઉજ્જવલા 2.0 યોજનામાં વિનામૂલ્યે ગેસ કનેક્શન, નિરાધર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત સહાય તેમજ ગ્રામીણ સ્વચ્છતા સફાઈના વ્યાપક કામો અને શહેરી સ્લમ વિસ્તારમાં પંડિત દીનદયાળ ઔષધાલયનો શુભારંભ કરાવ્યો હતો.

## ભારત

➤ **ભારત અને ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ મંત્રીની 2+2 મંત્રીસ્તરીય બેઠક**

તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓની 10 સપ્ટેમ્બર, 2021ના રોજ નવી દિલ્હીમાં ઓસ્ટ્રોલિયાના સંરક્ષણ મંત્રીશ્રી પીટર ડટન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. શ્રી પીટર ડટન 2+2 મંત્રી સ્તરીય મંત્રાણા માટે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાતે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સંપુર્ણ સંભાવનાને સાકાર કરવા માટે સંયુક્ત રીતે કામ કરવા આતુર છે. ભારત અને ઓસ્ટ્રેલિયા 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' તરીકે તેમના દ્વિપક્ષીય સંબંધોને વહેંચે છે. કારણ કે બંને દેશો બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ હતા તથા બંને કોમનવેલ્થ ઓફ નેશન્સના સભ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયેલી આ દ્વિપક્ષીય બેઠકમાં ચર્ચાના વિષયો આ મુજબ હતા : (1) દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ, (2) સેવાઓમાં લશ્કરી જોડાણોનો વિસ્તાર, (3) સંરક્ષણ માહિતીની વહેંચણીમાં વધારો કરવો, (4) ઉભરતી સંરક્ષણ તકનીકોમાં સહકાર.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **કેન્દ્ર સરકાર ભારતમાં 36,000 ગામોમાં 'આદર્શ' ગ્રામ યોજના શરૂ કરશે.**

કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડાના જણાવ્યા અનુસાર 'પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના' ભારતના 36,000 ગામોમાં શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ 50% આદિવાસી વસતી ધરાવતા ગામોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ યોજના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ આસામના આશરે 1700 આદિવાસી ગામોને આદર્શ ગામોમાં બદલવામાં આવશે. આ આદર્શ ગામો ઉપરાંત આસામમાં 184 નવા વન ધન કેન્દ્રો પણ સ્થાપવામાં આવશે. જેનો લાભ 60,000 લોકોને થશે. નોંધનીય છે કે પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY) પસંદ કરેલ અનુસૂચીત જાતિ પ્રભુત્વ ધરાવતા ગામોના સર્વાંગી વિકાસના ઉદ્દેશ શરૂ કરવામાં આવી હતી.

➤ **IIT બોમ્બેએ 'પ્રોજેક્ટ ઉડાન' શરૂ કર્યો**

IIT બોમ્બેએ 14 સપ્ટેમ્બર, 2021ના રોજ હિન્દી દિવસ નિમિત્તે 'પ્રોજેક્ટ ઉડાન' શરૂ કર્યો છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જોડાતી વખતે ઘણા વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા ભાષાના અવરોધને તોડવાના હેતુથી પ્રોજેક્ટ ઉડાન શરૂ કરવામાં આવ્યો છે. 'પ્રોજેક્ટ ઉડાન' પાઠ્યપુસ્તકો અને એન્જિનિયરિંગની અન્ય અભ્યાસ સામગ્રી અને અન્ય સ્ટ્રીમ્સનું અંગ્રેજીથી હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદ કરવા માટે સક્ષમ કરે છે. આ પ્રોજેક્ટની કલ્પના IIT બોમ્બેના કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર શ્રી ગણેશ રામાકૃષ્ણન દ્વારા કરવામાં આવી હતી.

➤ **ભારત-આફ્રિકા સંરક્ષણ સંવાદ**

ફેબ્રુઆરી 2020મા લખનૌમાં યોજાયેલી પ્રથમ 'ભારત—આફ્રિકા સંરક્ષણ મંત્રીઓની પરિષદ'ના બે વર્ષ પછી ભારત આગામી વર્ષે માર્ચ (2022)માં 'DefExpo' પ્રસંગે 'ભારત—આફ્રિકા સંરક્ષણ સંવાદ'નું આયોજન કરશે. ભારત સરકાર આ ઈવેન્ટને તેના દ્વિવાર્ષિક 'DefExpo' મિલિટરી એક્ઝિબિશન સાથે નિયમિત ઈવેન્ટ તરીકે સ્થાપિત કરવા વિચારી રહી છે. આ સંવાદ ભારત અને આફ્રિકન દેશો વચ્ચે હાલની ભાગીદારી બનાવવામાં મદદ કરશે અને પરસ્પર જોડાણ માટે મહત્વના ક્ષેત્રોને ઓળખવામાં મદદ પણ કરશે. આગામી DefExpo માર્ચ 2022માં ગાંધીનગર ખાતે યોજાશે.

➤ **ટાઈમ મેગેઝિનના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સમાવેશ**

ટાઈમ મેગેઝિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 2021ના 100 સૌથી પ્રભાવશાળી લોકોમાં સામેલ કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનર્જી અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી અદાર પૂનાવાલાનો પણ વિશ્વના 100 સૌથી પ્રભાવશાળી લોકોમાં સમાવેશ થાયો છે. ટાઈમ મેગેઝિને 15 સપ્ટેમ્બર, 2021ના રોજ '2021ના સૌથી પ્રભાવશાળી લોકો'ની વાર્ષિક યાદી જાહેર કરી છે. ટાઈમ મેગેઝિન એ અમેરિકન ન્યૂઝ મેગેઝિન અને ન્યૂઝ વેબસાઈટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતીય રેલવેએ 'રેલ કૌશલ વિકાસ યોજના' શરૂ કરી**

તાજેતરમાં ભારતીય રેલવેએ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY)ના નેજા હેઠળ 'રેલ કૌશલ વિકાસ યોજના' (Rail Kaushal Vikas Yojana-RKVY) શરૂ કરી છે. RKVYની શરૂઆત રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કરી હતી. આ મિશન ભારતભરમાં 75 રેલવે તાલીમ સંસ્થાઓની મદદથી એન્ટ્રી લેવલ સ્તરની તાલિમ આપશે. આ મિશન 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે ઉદ્યોગ સાથે સંબંધિત કૌશલ્યોમાં પ્રવેશ સ્તરની તાલીમ આપીને યુવાનોને સશક્ત બનાવવાનો પ્રયત્ન કરે છે. આ મિશન અંતર્ગત ત્રણ વર્ષના સમયગાળામાં 50,000 ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં 1000 ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે. યુવાનોને ચાર ટ્રેડમાં તાલીમ આપવામાં આવશે : ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, મશિનિસ્ટ અને ફિટર.

## વિશ્વ

➤ **હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી લેનાર વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ આઈસલેન્ડમાં શરૂ કરવામાં આવ્યો.**

હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ($CO_2$) શોષી લેનાર વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ તાજેતરમાં આઈસલેન્ડમાં શરૂ કરવામાં આવ્યો છે. આઈસલેન્ડિક શબ્દ 'ઓર્કા' પરથી આ પ્લાન્ટને ઓર્કા નામ આપવામાં આવ્યું છે જેનો અર્થ ઉર્જા થાય છે. આ પ્લાન્ટમાં ચાર એકમ છે. દરેક એકમ બે મેટલ બોક્સથી બનેલું છે. તેઓ દરિયાઈ પરિવહન માટે ઉપયોગમાં લેવાતા કન્ટેનર જેવા જ છે. આ પ્લાન્ટ સ્વિત્ઝર્લેન્ડના ક્લાઈમ વર્ક્સ અને આઈસલેન્ડના કાર્બફિક્સ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ પ્લાન્ટ દર વર્ષે 400 ટન કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) હવામાંથી શોષી લેવાનો અંદાજ છે.

➤ **ઇંગ્લેન્ડમાં ઈલેક્ટ્રિક ચાર્જર ફરજિયાત**

બ્રિટિશ સરકારે ટૂંક સમયમાં ઈંગ્લેન્ડમાં તમામ નવા બંધાયેલા ઘરો અને ઓફિસોમાં ઈલેક્ટ્રિક વાહન ચાર્જર ફરજિયાત બનાવવા માટે કાયદો રજૂ કરશે. આ કાયદા અનુસાર તમામ નવા ઘરો અને કચેરીઓ માટે 'સ્માર્ટ' ચાર્જિંગ ઉપકરણની સુવિધા પૂરી પાડવી ફરજિયાત રહેશે. જે ઓફ–પીક સમયગાળા દરમિયાન વાહનોને આપમેળે ચાર્જ કરવામાં સક્ષમ હશે આ નવો કાયદો ઈંગ્લેન્ડને વિશ્વનો પ્રથમ દેશ બનાવશે કે જે તમામ ઘરોમાં ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જર હોવું ફરજિયાત બનાવશે. આ પહેલ ઈંગ્લેન્ડમાં ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે, કારણ કે ચાર્જિંગ સ્ટેશનોનો અભાવ ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગના વિકાસમાં મુખ્ય અવરોધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઈરાન પરમાણુ કરાર**

12 સપ્ટેમ્બર, 2021ના રોજ ઈરાને તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ નિરિક્ષક 'આંતરરાષ્ટ્રીય અણુ ઉર્જા એજન્સી' (IAEA)ને ઈરાની પરમાણુ સ્થળો પર સર્વેલન્સ કેમેરાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. 'આંતરરાષ્ટ્રીય અણુ ઉર્જા એજન્સી' અને ઈરાન વચ્ચેની આ મંત્રાણાનો ઉદ્દેશ તેહરાન અને પશ્ચિમ દેશો વચ્ચેની માડાગાંઠ ઘટાડવાનો હતો. નોંધનીય છે કે વર્ષ 2015માં વૈશ્વિક શક્તિઓનું જૂથ (P5+1) (યુએસએ, યુકે, ફ્રાન્સ, ચીન, રશિયા અને જર્મની) સાથે ઈરાન દ્વારા તેના પરમાણુ કાર્યક્રમ માટે લાંબા ગાળાના કરાર પર સંમત થયા હતા. આ કરારને 'સંયુક્ત વ્યાપક અમલીકરણ યોજના' (JCPOA) અને સામાન્ય ભાષામાં 'ઈરાન પરમાણુ કરાર' નામ આપવામાં આવ્યું હતું.

## ICE ? Questions

- 11 સપ્ટેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કયા સ્થળે સ્થિત 'સરદારધામ ભવન'નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – અમદાવાદ
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના લાલ બહાદુર તળાવ ખાતે કયા વનનું લોકાપર્ણ કર્યુ છે ? – નરેન્દ્ર મોદી વન
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કેટલામાં જન્મદિવસ નિમિત્તે ગુજરાતમાં 400થી વધુ સ્થળોએ 'ગરીબોની બેલી સરકાર' કાર્યક્રમો યોજાયા હતા ? – 71મા
- તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રીશ્રીએ કયા દેશના મંત્રીશ્રી સાથે '2+2 મંત્રી સ્તરીય બેઠક' યોજી હતી ? – ઓસ્ટ્રેલિયા
- હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી લેનાર વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ કયા સ્થળે શરૂ કરવામાં આવ્યો છે ? – આઈસલેન્ડ
- કેન્દ્ર સરકાર ભારતના કેટલા ગામોમાં 'અદર્શ ગ્રામ યોજના' શરૂ કરશે ? – 36,000
- કયો દેશ ટૂંક સમયમાં ઘરો અને ઓફિસોમાં ઈલેક્ટ્રિક વાહન ચાર્જર ફરજિયાત કરવા કાયદો રજૂ કરશે ? – ઈંગ્લેન્ડ
- તાજેતરમાં કોણે 'પ્રોજેક્ટ ઉડાન' શરૂ કર્યો છે ? – IIT બોમ્બે
- 12 સપ્ટેમ્બર, 2021ના રોજ કયા દેશે IAEAને તેમના પરમાણુ સ્થળો પર સર્વેલન્સ કેમેરાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે ? – ઈરાન
- તાજેતરમાં કયા મેગેઝિનના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સમાવેશ કર્યો છે ? – ટાઈમ
- ટાઈમ મેગેઝિનના 100 સૌથી પ્રભાવશાળી વ્યક્તિમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત કોનો સમાવેશ થયો છે ? – સુશ્રી મમતા બેનર્જી અને અદાર પુનાવાલા
- તાજેતરમાં ભારતીય રેલવેએ RKVY યોજના શરૂ કરી છે. તેનું પૂરું નામ જણાવો ? – રેલ કૌશલ વિકાસ યોજના

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. લેબનાનના નવા વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી નજીબ મિકાતી
2. 'Human Rights and Terrorism in India' પુસ્તકના લેખક કોણ છે ? – શ્રી સુબ્રમણ્યમ સ્વામી
(ભારતીય જનતા પાર્ટીના સાંસદ શ્રી સુબ્રમણ્યમ સ્વામીએ 'Human Rights and Terrorism in India' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યુ છે.)
3. તાજેતરમાં મોરક્કોના વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અજીજ અખનૌચ
4. 11 સપ્ટેમ્બર, 2021ના રોજ કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે ______ રાજ્યના મોરેના ખાતે મેસર્સ ફ્રોઝન ફૂડ્સના ફૂડ પ્રોસેસિંગ યુનિટનું ઉદ્ઘાટન કર્યુ હતું ? – મધ્યપ્રદેશ
5. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી સુશ્રી ભારતી પ્રવીણ પવારએ 10 સપ્ટેમ્બર, 2021ના રોજ કયા સ્થળે 'Digital Population Clock'નું ઉદ્ઘાટન કર્યુ હતું ? – દિલ્હી યુનિવર્સિટીની અંદર
6. PayNow જેની સાથે ભારતે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)ના સંકલનની જાહેરાત કરી છે, તે કયા દેશનું પેમેન્ટ ઈન્ટરફેસ છે ? – સિંગાપોર
(ભારત અને સિંગાપોરે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) અને PayNow જોડવાની જાહેરાત કરી છે, જેથી વપરાશકર્તાઓને ત્વરિત ઓછા ખર્ચે ફંડ ટ્રાન્સફર કરી શકાય. બંને દેશોની ઝડપી ચુકવણી પ્રણાલીઓને જોડવાના પ્રોજેક્ટની જાહેરાત ભારતીય રિઝર્વ બેન્ક (RBI) અને મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર દ્વારા કરવામાં આવી હતી.)
7. 'ઈટાલિયન ગ્રાન્ડ પ્રિક્સ 2021' કોણે જીત્યુ છે ? – શ્રી ડેનિયલ રિકિયાર્ડો
8. કયા દેશે રક્ત પરીક્ષણ અંગેનું વિશ્વનું સૌથી મોટુ પરીક્ષણ શરૂ કર્યુ છે જ્યાં તેઓ 50 થી વધુ પ્રકારના કેન્સર શોધી શકશે ? – યુનાઈટેડ કિંગ્ડમ
9. પ્રસિધ્ધ લેખક શ્રી અઝીઝ હાજિનીનું તાજેતરમાં નિધન થયું હતું તે કયા રાજ્યના અથવા કેન્દ્રશાસિત પ્રદેશના હતા ? – જમ્મુ અને કાશ્મીર
10. તાજેતરમાં કેન્દ્ર સરકારે કેટલા રાજ્યોને બજારમાંથી 15,721 કરોડ રૂપિયા ઉધાર લેવાની મંજૂરી આપી છે ? – 11
(કેન્દ્ર સરકારે 11 રાજ્યોને બજારમાંથી રૂ. 15,721 કરોડનું વધારાનું ભંડોળ ઉધાર લેવાની મંજૂરી આપી છે. આ રાજ્યોમાં આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, હરિયાણા, કેરળ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, રાજસ્થાન અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.)
11. તાજેતરમાં 12 સપ્ટેમ્બરે સારાગઢી યુધ્ધની કેટલામી વર્ષગાંઠ હતી ? – 124મી
12. તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે ખોટા સમાચાર સામે લડવા માટે કયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાનું એકાઉન્ટ લોન્ચ કર્યુ છે ? – ટેલિગ્રામ
(માહિતી અને પ્રસારણ મંત્રાલયે ફેક ન્યુઝ સામે લડવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામ પર પોતાનું એકાઉન્ટ લોન્ચ કર્યુ છે. તેમને 'PIB Fact Check'ના રૂપમાં લોન્ચ કર્યુ છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ 14 સપ્ટેમ્બરના રોજ કેટલામી ભારત–અમેરિકા આર્થિક સમિટને સંબોધી હતી ? – 17મી

14. તાજેતરમાં નીતિ આયોગ અને રોકી માઉન્ટેન ઈન્સ્ટિટ્યૂટ (RMI) તથા RMI India દ્વારા કયુ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – શૂન્ય અભિયાન

(તાજેતરમાં નીતિ આયોગ અને રોકી માઉન્ટેન ઈન્સ્ટિટ્યૂટ (RMI) તથા RMI India દ્વારા શૂન્ય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તે ગ્રાહકો અને ઉદ્યોગોને સાથે લાવીને ઝીરો–પોપ્યુલેશન ડિલિવરી વાહનોને પ્રોત્સાહન આપવાની પહેલ છે.)

15. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં મુખ્ય અધિકારી તરીકે અધિક મુખ્ય સચિવ (ACS) તરીકે_____ની નિયુક્તિ કરવામાં આવી છે. – શ્રી પંકજ જોષી

(મુખ્યમંત્રીના કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ (ACS) તરીકે શ્રી પંકજ જોષીની નિમણૂક કરવામાં આવી છે તથા સચિવ પદે સુશ્રી અવંતિકા આલૈખાની નિયુક્તિ કરવામાં આવી છે.)

16. તાજેતરમાં કોણે 'Reforms in urban Planning Capacity in India' નામનો રિપોર્ટ લોન્ચ કર્યો છે ? – નીતિ આયોગ

17. ગુગલે તાજેતરમાં જાપાની શિક્ષક તથા બાયોકેમિસ્ટ સુશ્રી મિશિઓત્સુજીમુરાને તેમના કેટલામાં જન્મદિવસ પર ડૂડલ બનાવીને શ્રધ્ધાંજલિ આપી હતી ? – 133 મા

(જાપાનના સાઈતામા પ્રીફેચરમાં વર્ષ 1888માં જન્મેલા સુશ્રી મિશિઓ ત્સુજીમુરા 'ગ્રીન–ટી'ના પોષક લાભો સાથે જોડાયેલા તેમના અદભૂત સંશોધન માટે જાણીતા છે.)

18. તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા રાજ્યમંત્રીએ કેટલામી 'પૂર્વ એશિયા સમિટ ઉર્જા મંત્રીઓની બેઠક'માં ભાગ લીધો હતો ? – 15મી

(આ બેઠમકની થીમ 'We Care, We Prepare, We Prosper' હતી.)

19. કઈ સંસ્થાએ તાજેતરમાં 'Planetarium Innovation Challange' શરૂ કરી છે ? – MyGov India

20. તાજેતરમાં કયા દેશે એશિયા–પેસિફિક ફ્રી ટ્રેડ ગ્રુપમાં જોડાવા માટે અરજી કરી છે ? – ચીન

21. તાજેતરમાં કેરળના કયા સ્થળે 'સ્વચ્છતા પખવાડિયુ 2021' શરૂ કરવામાં આવ્યું છે ? – કોચીન પોર્ટ ટ્રસ્ટ

('સ્વચ્છતા પખવાડા 2021' અથવા 'સ્વચ્છતા પખવાડિયુ 2021' 16 સપ્ટેમ્બર, 2021ના રોજ કોચીન પોર્ટ ટ્રસ્ટ ખાતેથી શરૂ કરવામાં આવ્યું હતું. અને તમામ વિભાગોમાં સ્વચ્છતા સંકલ્પોનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંદર વિસ્તારોમાં શ્રમદાન સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી હતી.)

22. કઈ સંસ્થા ફરીથી વાપરી શકાય તેવા GSLV MK-III લોન્ચ વ્હીકલ વિકસાવવા માટે ટેક્નોલોજી પર કામ કરી રહ્યું છે ? – ISRO

(ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) ફરીથી વાપરી શકાય તેવા GSLV MK- III લોન્ચ વ્હીકલ વિકસાવવા માટે ટેક્નોલોજી પર કામ કરી રહ્યું છે. આ નવી ટેક્નોલોજી ISROને તેના GSLV MK- IIIલોન્ચ વ્હીકલના વર્ટિકલ લેન્ડિંગમાં મદદ કરશે.)

23. મહારાષ્ટ્રમાં કયા દિવસે 'મરાઠાવાડા' મુક્તિ સંગ્રામ દિવસ'નું આયોજન કરવામાં આવે છે ? – 17 સપ્ટેમ્બર

24. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અલીગઢમાં રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટી તથા ડિફેન્સ કોરિડરની શિલારોપણ વિધિ કરી હતી. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – ઉત્તરપ્રદેશ

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT